Since 1925...

# ક.દ.ઓ. પ્રકાશ સમીક્ષા

જ્ઞાતિ પ્રવાહનું સાપ્તાહિક માધ્યમ

C.D.O. PRAKASH SAMIKSHA

Visit us at : www.prakashsamiksha.com • Email : kdoprakash@gmail.com

RNI રજી. બાદ વર્ષ : ૨૦ • અંક : ૩૧ • તા. ૩૧ જુલાઈ ૨૦૧૭ થી ૦૬ ઑગસ્ટ ૨૦૧૭ • વાર્ષિક લવાજમ રૂા. ૫૦ • Regn.No. MCE/53/2015-17

K.D.O STUDENTS ASSOCIATION

Estd. 1954

શ્રી કચ્છી દશા ઓશવાલ વિદ્યાર્થી સંઘ – મુંબઇ

## Shree K.D.O. Students Association

63 Shree KDO Students Association

**Organises Gujarati Comedy Natak**

***Chief Guest : Dr. Yogini V. Meisheri***

M.D., D.N.B., Ph.D, Consulting Physician & Chest Specialist

***Guest of Honour :***

*Smt. Kusumben Harish Dharamshi (Suthri-Mulund)*

Ex. Director & Principal - SPN Doshi College

## વહુ Hi-Fi સાસુ Wi-Fi

**Sponsored by :**

HD FIRE



દીપ પ્રાગટ્ય કરતા મહાનુભાવો



દાતાશ્રી પરિવારનું બહુમાન કરતાં પ્રમુખશ્રી અને માનદ્‌મંત્રી



નાટકના અતિથિ વિશેષ - મુખ્ય અતિથિ



વિદ્યાર્થીસંઘ પ્રમુખ શ્રી તેજસ મહેન્દ્ર ખોના



અભિનય કરતા મુખ્ય કલાકાર પ્રતિમા ટી.



નાટકની એક ઝલક



નાટક નિહાળતા દાતાશ્રી પરિવાર



નાટક નિહાળતા દર્શકો



દાતાશ્રી સાથે વિદ્યાર્થીસંઘના પદાધિકારીઓ



વિદ્યાર્થીસંઘની વ્યવસ્થાપક સમિતિ



વિદ્યાર્થીસંઘના સર્વે કાર્યકર્તા ટીમ

|| શ્રી અનંતનાથાય નમઃ || || શ્રી આદિનાથાય નમઃ || || શ્રી મુનિસુવ્રતસ્વામિને નમઃ ||

# શ્રી ક.દ.ઓ. જૈન મંડળ (નવી મુંબઈ)



## અભિવાદન
### અનુમોદના પત્ર



વીતરાગ જૈનધર્મ તથા દેવ-ગુરૂ-શાસ્ત્ર ભક્ત,
જૈન-બંધુઓ પ્રત્યે વાત્સલ્ય હૃદયી,
સર્વ જીવો પ્રત્યે સમભાવી, દૈવી-આરાધનાના બળે નાની વયે
રિધ્ધિ-સિધ્ધિને પ્રાપ્ત એવા કર્મયોગી,
પરમ માતૃભક્ત....



**માતુશ્રી કસ્તુરીબેન મુરજી દંડ પરિવાર (લાખણીયા)**
*શ્રીમાન ભુપેન્દ્રભાઈ મુરજી દંડ (ભૂમિરાજ ગ્રુપ)*
*ની ભૂરિ ભૂરિ અનુમોદના....*

### "વિષમકાલે જિનબિંબ-જિનાગમ ભવિયણ કું આધારા."

આ પંક્તિને આત્મસાત્ કરી, શ્રી ભુપેન્દ્રભાઈ ! આપશ્રી એ આપના સુવર્ણ જન્મ વર્ષે જીવનમાં તરણ તારણહાર દેવાધિદેવ શ્રી આદિનાથ દાદાનું સ્વદ્રવ્યે શિખરબધ્ધ જિનાલય - નવી મુંબઈના સાનપાડા નગરે બંધાવી અને શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજન, મુંબઈ (શ્રી અનંતનાથજી ટ્રસ્ટ) ને અર્પણ કરી આપના સુકૃતોનો એક વધુ સ્વર્ણપંખ ઉમેર્યો છે. આ સુકૃતમાં આપના સહધર્મચારિણી શ્રીમતિ અનુપમાબેન સહ સુપુત્ર ચિ. અમન તથા સમસ્ત પરિવાર એટલા જ ધન્યવાદ ને પાત્ર છે.

પૂ. ગુરુદેવની તથા શ્રી આદિનાથ ભગવાનની તથા દેવલોકવાસી પૂ. માવતરની પરમ-કૃપા, આપના પર તથા સર્વ કુટુંબીજનો પર સહાય વરસ્યા કરે, એજ ભાવના સહિત આ તબક્કે આપશ્રીનું અનુમોદન કરતા અમો હર્ષ અનુભવીએ છીએ....



**લી. શ્રી ક.દ.ઓ. જૈન મંડળ (નવી મુંબઈ) ના**
**આપના સાથીઓ...**

સ્થળ : નવી મુંબઈ    તા. ૨૫-૦૬-૨૦૧૭ - (આષાઢી બીજ - પ્રતિષ્ઠા દિન)

## નવી મુંબઈમાં ક.દ.ઓ. નું પ્રથમ શિખર બધ્ધ આદિનાથ જિનાલય

તા. ૨૪-૨૫-૨૬ જૂન ૨૦૧૭ નવી મુંબઈ તેમજ ક.દ.ઓ. જ્ઞાતિ માટે સુવર્ણ અક્ષરે અંકિત થાય તેવી ઘટના બની હતી.

**માતુશ્રી કસ્તુરીબેન મુરજી દંડ પરિવાર (લાખણીયા)**
*હસ્તે શેઠ શ્રી ભુપેન્દ્રભાઈ મુરજી દંડ (ભૂમિરાજ ગ્રુપ)*
દ્વારા સ્વદ્રવ્યે નિર્મિત સુંદર જિનાલયનું નિર્માણ તથા અર્પણ.

**પ.પૂ. આચાર્ય ભગવંત શ્રી કલાપ્રભ-સાગરસૂરીશ્વરજી મ.સા.**ની પ્રેરણા થી પોતાના ૫૦મી વર્ષગાંઠ નિમિતે કરેલા સંકલ્પ સ્વરૂપે તા. ૫-૬-૨૦૧૭ના રોજે ધામધૂમથી ભગવાનનું નગર પ્રવેશ થયું.

**તા. ૨૪-૬-૨૦૧૭ શનિવાર** ના રોજ સવારના નવકારશી બાદ નવગ્રહ પૂજન, દશ દિકપાલ પૂજન તથા અષ્ટ મંગલ પૂજન વિધિકાર **શ્રી હર્ષ દેઢિયા** સંગ સંપન્ન થયું. સાધર્મિક ભક્તિ બાદ અઢાર અભિષેક ઉલ્લાસભેર કરાવ્યા. સાંજે ચોવિહાર બાદ શ્રી ઘંટાકર્ણ મહાવીર દેવનું હવન (ફક્ત પુરુષો માટે) રાખવામાં આવેલ જેમાં ઘણા લોકોએ લાભ લીધો. ઘણા માટે તો આ પ્રસંગ પહેલી વાર નજરે જોવા નો લ્હાવો હતો.

**તા. ૨૫-૬-૨૦૧૭ રવિવાર**, પાવન પ્રતિષ્ઠાનો દિવસ. નવકારશી બાદ **પ.પૂ. સાધ્વીજી શ્રી સંયમ પ્રિયાની વડી દીક્ષા, પ્રતિષ્ઠા મહોત્સવ** ત્યાર બાદ **ક.દ.ઓ. મંડળ નવી મુંબઈ** તથા અન્ય અનેક સંસ્થાઓ દ્વારા **શ્રી ભુપેન્દ્રભાઈ** તથા **શ્રીમતી અનુપમાબેન**નું **સન્માન પત્ર** દઈને બહુમાન કર્યું. સાધર્મિક ભક્તિ બાદ લઘુ શાંતિ સ્નાત્ર પૂજા ભાવ પૂર્વક ભણાવીને સૌને રસ થી તરતોળ કરી દીધા. સાંજે ચોવિહાર બાદ રાત્રી ભાવનાની રમઝટ બોલાવી ને સૌ છૂટા પડ્યા.

**તા. ૨૬-૬-૨૦૧૭ સોમવાર**, વહેલી સવારના ૬ વાગે દ્વારોદઘાટન બાદ સત્તરભેદી પૂજન ભણાવીને ત્રિહાનિકા મહોત્સવની પૂર્ણાહુતિ કરી. નવકારશી બાદ આચાર્ય ભગવંત શ્રી કલાપ્રભસાગરસૂરીશ્વરજી મ.સા. આદિ ઠાણ ૬ તથા પ.પૂ. દેવરત્નસાગર મ.સા.ના શિષ્ય પ.પૂ. તિર્થસાગર મ.સા., પ.પૂ. દેવરક્ષિત મ.સા., પ.પૂ. હેમરક્ષિત મ.સા. ચાતુર્માસ પ્રવેશ માટે વાશી તરફ વિહાર કર્યું.

ત્રણેય દિવસનો કાર્યક્રમ અત્યંત સુંદર રીતે ધર્મ નિષ્ઠાપૂર્વક પાર પાડવા માટે **શ્રી ક.દ.ઓ. જૈન મંડળ, નવી મુંબઈ** તથા **માતુશ્રી કસ્તુરીબેન મુરજી દંડ પરિવારે** ખૂબ જહેમત લીધી. પધારેલા સૌ શ્રેષ્ઠીવર્યો, જ્ઞાતિજનો સગા સંબંધીઓ, સ્નેહીઓનું **શ્રી ક.દ.ઓ. જૈન મંડળ, નવી મુંબઈ** તથા **માતુશ્રી કસ્તુરીબેન મુરજી દંડ પરિવાર** અંતઃકરણ થી આભાર માને છે.

SHETH SHRI NARSHI NATHA MEDICAL TRUST · WE CARE · OUR MISSION IS YOUR HEALTH

# Anant Pathology Lab

Managed by

## SHETH SHRI NARSHI NATHA MEDICAL TRUST

[Regd. under Bombay Public Trust Act. 1950 Reg. No. E-11572 (BOM) Dated 24-2-1988]

5, Ground Floor, Ladhani House, Valji Ladha Road, Opp. Hira Mongi Hospital,
Mulund (West), Mumbai - 400 080. Mob.: 8879990987
Email : anantpathlab@gmail.com Lab Time : (Monday-Saturday): 8:00 am to 9:00 pm (Sunday): 8:00 am to 1:00 pm

## શેઠશ્રી નરશી નાથા મેડીકલ ટ્રસ્ટ દ્વારા અનંત પેથો લેબનું મુલુન્ડમાં શુભારંભ



































Managed by SHETH SHRI NARSHI NATHA MEDICAL TRUST
Ground Floor, Ladhani House, Valji Ladha Road, Opp. Hira Mongi Hospital,
Mulund (West), Mumbai - 400 080

Anant Pathology Lab

**આદ્યતંત્રીઓ**

**''પ્રકાશ''**
ડૉ. વેલજી પાસ્વીર ગોસર
**''સમીક્ષા''**
સનત્ શાહ અને
ગોવિંદજી જીવરાજ લોડાયા
**''પ્રકાશ સમીક્ષા''**
સનત્ શાહ

**: તંત્રી :**
રાયચંદ આર. નાગડા

**સમિતિ સભ્યો**
કિરીટ લક્ષ્મીચંદ લાપસીયા
રાયચંદ રતનશી નાગડા
શરદ કાંતિલાલ શાહ (નાગડા)
કેશરસિંહ આણંદજી ખોના
તિલકચંદ કુંવરજી લોડાયા
કિરીટ ખેતશી મુનવર
કાશ્મીરા વિરેન્દ્ર લુઠીયા
હિરાચંદ દામજી દંડ
પંકજ પ્રતાપ શાહ
શૈલેશ સનત્ શાહ
જયંત વિશનજી છેડા
મુકેશ ભવાનજી લોડાયા
ઉદયન લાલજી શાહ

**અંક નં. 31/2017**

**: કાર્યાલય :**
પોસ્ટ/કુરીઅર પત્રવ્યવહાર માટે સરનામું
**C/o. Shri R. R. Nagda,**
**Advocate High Court**
29/41, Tamarind Lane,
Behind Poornima Rest.,
Rajabahadur Comp,
Nr. Stock Exchange Bldg.
Fort, Mumbai - 400 001

**સમય :** બપોરે ૧ થી ૪ ફક્ત
શનિ./રવિ. અને જાહેર રજાના બંધ

ચાલુ અંક માટે મેટર
સ્વીકાર માત્ર બુધવાર સુધી

**: જાહેરાત સંપર્ક :**
મુકેશ ભવાનજી લોડાયા
**022-2508 4463/64/65**

પ્રકાશ-સમીક્ષા હવે નેટ પર....
www.prakashsamiksha.com
E-mail : kdoprakash@gmail.com



નોંધ : આ પત્રમાં પ્રકાશિત થતા લેખકોના સ્વતંત્ર અભિપ્રાય/મંતવ્યો સાથે તંત્રીમંડળ સહમત જ છે એમ માનવું નહીં. તેમજ આરોગ્યને લગતા લેખો કે કોઇ જાહેરાતોમાં કરવામાં આવતા દાવાઓ/વિધાનો અંગે પ્રકાશ-સમીક્ષા સમિતિની કોઇ જવાબદારી નથી.


# જાગીને જોઉં તો જગત દીસે નહિ!

દરેક ધર્મમતના સફળ સાધકો મનની પાર જઈને સ્વાનુભૂતિ પામે છે ત્યારે પોતે જે અનુભવ્યું તેના વિશે તેમના મુખેથી જે ઉદ્ગાર નીકળે છે તેના શબ્દો ભલે જુદા હોય પણ એનો ધ્વનિ એ જ હોય છે કે આપણે જે જગત જોઈ/અનુભવી રહ્યા છીએ તે કેવળ સ્વપ્ન જેવો માનસિક આભાસ જ છે – આપણી ચેતનાનો આવિષ્કાર જ માત્ર છે – એમાં કશું નક્કર તત્ત્વ નથી. સર્વ મત-પંથના અને સર્વ દેશ-કાળના જ્ઞાની પુરુષો આ જ વાત કરે છે.

જૈન પરંપરાની પ્રબુદ્ધ વ્યક્તિઓનાં કથનોમાં પણ આ જ તથ્યને વાચા અપાઈ છે. આપણા નિકટના કાળમાં થઈ ગયેલ તત્ત્વવેત્તા શ્રીમદ્ રાજચંદ્રના મુખેથી ઉદ્ગાર નીકળ્યા છે :

**સકળ જગત તે એઠવત્ અથવા સ્વપ્ન સમાન; તે કહીએ જ્ઞાનીદશા, બાકી વાચા જ્ઞાન.**
**ઉપજે મોહ વિકલ્પથી સમસ્ત આ સંસાર; અંતર્મુખ અવલોકતાં, વિલય થતાં નહિ વાર.**

પ્રાચીન પ્રબુદ્ધ આચાર્યોએ પણ દૃશ્ય જગતની આભાસિકતાની જ વાત કરી છે. ઉપાધ્યાય યશોવિજયજી વાચક 'સમાધિ શતક'માં અસંદિગ્ધ શબ્દોમાં ગાય છે કે ''ભવપ્રપંચ મનજાલકી, બાજી જૂઠી મૂલ.'' યોગનિષ્ઠ આચાર્ય હેમચંદ્રસૂરિજીએ 'યોગશાસ્ત્ર' નામના તેમના ગ્રંથના અંતિમ અધ્યાયમાં જાતઅનુભવનું નિરૂપણ કરતાં કહ્યું છે કે ''અમનસ્કતા પ્રાપ્ત થાય છે ત્યારે યોગીને શરીર પોતાથી છૂટું પડી ગયું હોય, બળી ગયું હોય, વિલય પામી ગયું હોય કે જાણે હોય જ નહિ તેવું લાગે છે.'' આચાર્ય હરિભદ્રસૂરિ મહારાજ સાખ પૂરે છે કે આત્મજ્ઞાન – સંપન્ન વિકાસશીલ મહાનુભાવોને ''ભોગો – ઈન્દ્રિયોના વિષયો – પણ મૃગજળ જેવા આભાસિક જ લાગે છે.'' ટૂંકમાં, ''તેને સમસ્ત દૃશ્ય જગત સ્વપ્નવત્, ગાંધર્વનગર (સંધ્યા સમયે આકાશમાં વાદળાં અને સૂર્યકિરણો વડે સર્જાતાં નગર આદિના આભાસો) તુલ્ય કે મૃગજળ જેવું ભાસે છે.''

શાસ્ત્રાભ્યાસી વિદ્વાનો તેમ જ આધ્યાત્મિક અનુભૂતિ વિનાના ઉપદેશકો સુધ્ધાં આ વિધાનોને અક્ષરશઃ નહિ પણ જગતની નિઃસારતા સૂચવતાં માત્ર ઉપમાત્મક કથન સમજે છે. કિંતુ, વાસ્તવમાં આ વચનોમાં આત્મજ્ઞ મહાપુરુષોના દર્શનનું અક્ષરશઃ યથાર્થ નિરૂપણ છે.

વિભિન્ન સાધના-પ્રણાલિકાઓ દ્વારા મુક્તિમાર્ગે પ્રગતિ કરી રહેલા, અન્ય મત-પંથોના પણ સફળ સાધકો જ્યારે આત્માનુભવ પામે છે ત્યારે તે બધાને ભૌતિક જગત પોકળ અને ક્ષણભંગુર જ અનુભવાય છે એની પ્રતીતિ કરાવતા આપણા સમકાલીન એક સફળ સાધકના ઉદ્ગાર આ રહ્યા : ''... પ્રબોધની આ અનુભૂતિ વખતે જગતની નક્કર વાસ્તવિકતા અલોપ થઈ જાય છે. એટલે કે, અણુના મૂળ ઘટક સુધી પહોંચવાના પ્રયત્નમાં ભૌતિક વિજ્ઞાનીઓની સામે જે તથ્ય ઊભરી આવે છે તે પ્રબુદ્ધ આત્માઓ સમક્ષ પ્રત્યક્ષ થાય છે. પદાર્થનો પિંડ, ઘનતા, વજન અને જગતની સત્યતા સમાપ્ત થઈ જાય છે.... પ્રબુદ્ધ વ્યક્તિ જગતને આટલું જ કહી શકશે કે તમે જે વિશ્વ જોઈ રહ્યા છો તે માત્ર સ્વપ્ન જ છે... તમારી ચેતનાનો એક આવિષ્કાર જ માત્ર છે.'' આ શબ્દો છે કુંડલિની-યોગના વર્તમાનના પ્રમુખ સમર્થક અને સંશોધક પંડિત ગોપીકૃષ્ણના. પોતાની દીર્ઘ સાધના-યાત્રાના અહેવાલરૂપે લખેલી ''Kundalini- the Evolutionary Energy in Man''નામની રોમાંચક આત્મકથામાં તેઓ નોંધે છે કે,

''આ અનુભવ આશ્ચર્યજનક, ભવ્ય, અસામાન્ય અને અનુપમ હતો – આ વિશ્વમાં જે કંઈ છે તેનાથી પર હતો... મારું શરીર, હું બેઠો હતો તે ખુરશી, મારી સામેનું ટેબલ, ભીંતો વચ્ચેનો રૂમ, બહારની હરિયાળી જમીન, એનાથી ય આગળની ખુલ્લી જગા, ધરતી અને આકાશ એ બધાય મને આ સાચા, વેધક અને સર્વવ્યાપક જીવનમાં માત્ર પડછાયા જેવા લાગવા માંડ્યા. મારાથી બની શકે એવું સારામાં સારું વર્ણન કરીને કહું તો વિશ્વ મને અસીમ, તમામ દિશાઓમાં અનંત સુધી વ્યાપેલું છતાં અણુથી પણ સૂક્ષ્મ જણાવા લાગ્યું....માયામય જગત સતત ગતિશીલ, સતત પરિવર્તનશીલ, સતત ક્ષણભંગુર – જીવનના ઉછળતા સાગર પર ઝડપથી ઓગળી જતા અત્યંત પાતળા ફીણના પડ જેવું, ચેતનના વિરાટ સૂર્ય આગળ અત્યંત સૂક્ષ્મ વરાળના પડદા જેવું જણાતું

હતું. ... એકે અણુ અગાધ સાગરને શોધી લેતું હોય, ત્રિપાર્શ્વ વિરાટ વિશ્વને રેતીનો કણ ગળી જતો હોય, સમગ્ર સૃષ્ટિ, જ્ઞાતા અને જ્ઞાન, દ્રષ્ટા અને દૃશ્ય અવર્ણનીય, અમાપ, શૂન્યમાં સમાઈ જતાં હોય એવી, મનની કલ્પનાથી પર તથા વાણીથી પર, પરાવસ્થાનો આ અનુભવ હતો.''

પંડિતજીએ જેના માટે આ શબ્દો ઉચ્ચાર્યા છે : ''.. an endless inexpressible wonder that can only be experienced and not described '' – એવા એ વાણીથી પર અનુભવની અભિવ્યક્તિ શબ્દોમાં શક્ય નથી. છતાં


**જાહેરાત કર્તાઓ એ નોંધ લેવા વિનંતી.**

આપ સૌ જાણો છે કે ૧ જુલાઇ ૧૭થી GST અમલમાં આવેલ છે. જે મુજબ કાનુની નોંધણી થયા પછી જાહેરાત પર 5% GST લાગશે. તેની સૌએ નોંધ લેવી.

**પ્રકાશ- સમીક્ષાના જાહેરાત દર + 5% GST**

| પ્રકાર | સાઈઝ | કલર | બ્લેક/વ્હાઈટ |
|---|---|---|---|
| આખું પાનું | 160 x 225 mm | 9,000/- | 5,000/- |
| અડધું પાનું | 160 x 111 mm | 5,000/- | 2,700/- |
| પા પાનું | 77 x 111 mm | 3,000/- | 1,500/- |
| ૧/૮ પાનું | 77 x 54 mm | - | 800/- |
| ૧/૧૬ પાનું | 77 x 27 mm | - | 450/- |

ચેક C.D.O. PRAKASH SAMIKSHA SAMITI ના નામે લખવા

**જાહેરાત/લવાજમ ભરવા અમારી બેંક અકાઉન્ટની વિગત નીચે મુજબની છે.**

For NEFT Transfer
Type of Account : Saving
Account Number : 002001003686
Name of the Bank : Shri Arihant Co-op Bank Ltd.
Branch : Mulund (W), Mumbai - 400 080.
IFSC Code : ICIC00ARIHT
MICR Code : 400800003
Name of the Account: C D O Prakash Samiksha Samiti
For Mobile App Transfer
Our MMID Code : 8359036
You must write/mail separate letter giving payment reference number, amount and date of transfer.
For old subscribers-Just give your Subscription Number.
For New Subscribers - Give full residence address with native village (Kutch Halar).
જાહેરાત / લવાજમ મોકલ્યા પછી બેન્કનો રેફરન્સ નંબર, રકમ તથા તારીખની વિગત અલગથી મોકલવી.
જુના ગ્રાહકોએ ફક્ત ગ્રાહક નંબર મોકલવો.
નવા ગ્રાહકોએ હાલનું પૂરું સરનામું પોતાના (કચ્છ-હાલાર)ના ગામ સાથે લખી મોકલવું.
For Cheque Payment
Draw your cheque in the name of
**"C D O Prakash Samiksha Samiti"** and payable at par at Mumbai.
ચેકથી જાહેરાત/ લવાજમ ભરનારાઓને ચેક
C D O Prakash Samiksha Samiti નાં નામથી મોકલવો.
ચેક at par મુંબઈ હોવો જોઈએ.


અનુભવીઓ પોતાના સાથીઓ અને સમકાલીનો ઉપર અનુગ્રહ કરીને પોતપોતાના પૂર્વસંસ્કાર અને પોતપોતાને પરિચિત પરિભાષામાં તેના કંઈક સંકેત આપવા પ્રયત્ન કરે છે. દેખીતું જ છે કે સ્વાનુભૂતિના એ સંકેતોમાં પૂર્ણ સત્યનો કોઈ એક નાનકડો અંશ જ રજૂ થતો હોય છે. એ આંશિક વર્ણનની પરિભાષા ભિન્ન હોવા છતાં પરસ્પરના અનુભવના સામ્યને એ અનુભવીઓ તો પરખી લે છે, એટલે તેમની વચ્ચે મત-પંથની ભેદરેખા અને સ્થળ-કાળની મર્યાદા ભૂંસી નાખતી બંધુતાની એક અદશ્ય ગાંઠ બંધાઈ જાય છે. પણ, એમને સાંભળનારા આંશિક સત્યને રજૂ કરતા એ શબ્દસંકેતોનું અર્થઘટન પોતપોતાની સમજ, રુચિ અને પૂર્વગ્રહો અનુસાર કરીને, સત્ય વિશે ભિન્ન ભિન્ન માન્યતાઓ બાંધી લઈ, તેમાં પુરાઈ રહે છે અને માને છે કે પોતો પોતાના પાડોશી કરતાં 'જુદા દર્શન'ના અનુયાયી છે.

સમાપત્તિ-અર્થાત્ શ્રી અરિહંત પરમાત્મા સાથે અભેદાનુભૂતિ - પામી સમ્યગ્દર્શનની પ્રાપ્તિ કરનાર જૈન સાધક હો, નિબ્બાનિક (નિર્વાણિક) અવસ્થામાં ડૂબકી મારી 'સોતાપન્ન' થતો બૌદ્ધ સાધક હો, કે આત્મદર્શન પામીને 'દ્વિજ' બનતો હિન્દુ સાધક હો - એ દરેકનો જાતઅનુભવ તેમની સમક્ષ એ તથ્ય છતું કરી દે છે કે જગત - પોતાની કાયા સુધ્ધાં - ખરેખર તો સ્વપ્ન જેવો એક આભાસ માત્ર છે.

ગણિતમાં જેમ, બે ગુણ્યા બે બરાબર પાંચ એવું ખોટું સમીકરણ માંડ્યા પછી, એ રકમના આધારે થયેલ બધા જ સરવાળા-બાદબાકી, ગુણાકાર-ભાગાકાર ખોટા જ રહે તેમ દેહાત્મભ્રમજનિત અહંકારના પાયા પર રચાયેલો આપણો સઘળોયે જીવનવ્યવહાર ભ્રાંત/મિથ્યા જ રહે છે. સ્વાનુભૂતિ દ્વારા આ તથ્યનું પ્રથમવાર ભાન થાય છે ત્યારે એ 'વ્યક્તિ'ના મુખેથી વિસ્મયસહ ઉદ્ગાર સરી પડે છે :

''જાગીને જોઉં તો, જગત દીસે નહિ;
ઊંઘમાં અટપટા ભોગ ભાસે.'' – નરસિંહ મહેતા

''અનુભવ ભોર ભયો, મિથ્યા તમ દૂર ગયો''
– યોગીશ્વર ચિદાનંદજી

અણુવિજ્ઞાનીને દેહાત્મભ્રમનું 'જ્ઞાન' છે, પણ એ જ્ઞાન માત્ર બૌદ્ધિક સ્તરનું છે, એનો એને અનુભવ નથી. જેમ કશી જ સાધના કર્યા વિના કોઈ પોથી પંડિત શાસ્ત્રોમાંથી આ જ્ઞાન પ્રાપ્ત કરે અને પછી એનો પોપટપાઠ કર્યા કરે, વેદાંત-ઉપનિષદ્ પર મહાનિબંધ લખી 'ડૉક્ટરેટ' ઉપાધિયે મેળવી લે, તર્ક અને દલીલ દ્વારા બીજાને અદ્વૈતનો સિદ્ધાંત ઠસાવીયે શકે પણ જાતે તો સામાન્ય માનવીની જેમ લાભ-હાનિ, માન-અપમાન, ગમા-અણગમા વગેરે દ્વંદોમાં પૂર્વવત્ અટવાઈ જ રહ્યા હોય છે; તેમ અણુવિજ્ઞાની પણ વિકાર, વાસના, આસક્તિ, તૃષ્ણા આદિ ષટ્રિપુઓનો દાસ જ રહી જાય છે.

પંડિત અને વિજ્ઞાની બંનેનું જ્ઞાન પોતીકું – firsthand – નથી હોતું. પણ પરાયું ઉછીનું લીધેલું હોય છે. આથી એમની ભ્રાંતિ ભાંગતી નથી. જાતઅનુભવ વિના દૃષ્ટભ્રાન્તિ ખસતી નથી. બૌદ્ધિક સમજ જીવન પ્રત્યેના વલણમાં ધરમૂળનું પરિવર્તન લાવવા માટે અપૂરતી છે. ચિત્તનું અતિક્રમણ કરીને મેળવેલ, સ્વાનુભવજન્ય બોધ જ એ કામ કરી શકે છે.

આપણાં ધર્મસ્થાનકોમાં અને ધાર્મિક વર્તુળોમાં 'સમકિત' અને 'મિથ્યાત્વ'/'સમ્યગદર્શન' અને 'મિથ્યાદર્શન' એ શબ્દોનો રોજિંદી બોલચાલમાં છૂટથી પ્રયોગ થતો રહે છે, પણ તેના સાચા અર્થ વિશે ઘણી ભ્રાંતિ અને વિવાદ પ્રવર્તે છે. સ્પષ્ટ, અસંદિગ્ધ અને ટૂંકી પરિભાષા આપવાને બદલે, પોથી પંડિતો દ્વારા, અનેક ભેદ-પ્રભેદ અને વ્યાખ્યાઓમાં એને ગૂંચવી દેવાય છે. 'સમ્યગ્' અને 'મિથ્યા' એ સંસ્કૃત ભાષાના શબ્દો છે; સમ્યગ્ર એટલે સાચું, મિથ્યા એટલે ખોટું/ભ્રામક. આટલું ખ્યાલમાં રાખીએ તો, ઉપયુક્ત વિવેચનમાંથી એ વાત દીવા જેવી સ્પષ્ટ ઊપસી આવે છે કે મન અને ઈન્દ્રિયોથી પર જઈ, સ્વાનુભૂતિ પામીને કરેલું જાતનું અને જગતનું યથાતથ દર્શન તે સમ્યગ્દર્શન; એની પૂર્વે ઈન્દ્રિયો અને મનના માધ્યમ દ્વારા પ્રાપ્ત થતો જાત અને જગતનો ભ્રાંત/ભ્રામક / વિકૃત બોધ એ મિથ્યાદર્શન.

સ્વાનુભૂતિ પ્રાપ્ત થતાં સાધક પૂર્વે કદી ન અનુભવી હોય એવી અપૂર્વ સ્વતંત્રતા, સુરક્ષિતતા અને આનંદ વેદે/અનુભવે છે. આથી, કેટલાંક યોગવર્તુળો 'અનુભવ'ની ઉપલબ્ધિને આત્મવિકાસની ચરમ અવસ્થા માની લે છે અને તે અવસ્થામાં જો સ્થિતિ થઈ હોય તો એ વર્તુળો એને જીવન્મુક્તિ સમજે છે. કિંતુ, જૈનસિદ્ધાંત અનુસાર, તે આત્મવિકાસનું અંતિમ ચરણ નથી. આવી વ્યક્તિ અંતરમાં આસક્તિરહિત હોવા છતાં, તેનું બાહ્ય આચરણ, પૂર્વસંસ્કાર કે ચારિત્ર-મોહનીયાદિ કર્મના આવરણના કારણે, ઘણીવાર, આસક્ત વ્યક્તિના આચરણ જેવું રહે છે; અર્થાત્ અંતર અનાસક્ત હોવા છતાં તેની બાહ્ય પ્રવૃત્તિમાં/યોગધારામાં થોડી-ઘણી અશુદ્ધિ અને ચંચળતા રહે છે. તે દૂર કરવા દેશવિરતિ કે સર્વવિરતિની તપ-ત્યાગ-જ્ઞાનમય સાધના પૂર્ણયોગશ્વર શ્રી જિનેશ્વર દેવોએ ચીંધી છે; એના દ્વારા યોગપ્રવૃત્તિની અને જ્ઞાનની – એ બંને ધારાને પૂર્ણ શુદ્ધ કરવી એ જૈન સાધનાનું લક્ષ્ય રહ્યું છે.

જૈન દર્શનની પરિભાષા સ્વાનુભવની ઉપલબ્ધિને 'અનુભવ', 'આત્મજ્ઞાન' કે 'સમ્યગ્દર્શન' ના નામે અને તેની પ્રાપ્તિ કરનારને 'સમકિતી' કે 'સમ્યગ્દષ્ટિ' તરીકે ઓળખાવે છે. એ ઉપલબ્ધિ પછી દેશવિરતિ કે સર્વવિરતિના માર્ગે સાધના કરતો રહી, અપ્રમત્ત સંયતની ભૂમિકાએ પહોંચીને સાધક ક્ષાયિક માર્ગે આગળ વધે તો, એ જ જીવનમાં કેવળજ્ઞાન પ્રાપ્ત કરી અર્હત્ બને છે – જીવન્મુક્ત બને છે; એ પછી એને નવો દેહ ધારણ કરવો નથી પડતો. એટલી ઉત્કટ સાધના ન કરી શકે પણ અખંડપણે સાધનામાં યથાશક્તિ તે મચ્યો રહે તો, સામાન્યતઃ સાત-આઠ ભવે તે મુક્ત થઈ જાય છે.

બૌદ્ધ પરંપરામાં પણ પ્રથમવારના અપરોક્ષાનુભવને મુક્તિપથની અંતિમ મંજિલ માની નથી. પ્રથમવારની નિર્વાણિક ડૂબકી બૌદ્ધપરિભાષામાં 'સોતપત્તિ' તરીકે ઓળખાય છે, મુક્તિયાત્રાનો એ પ્રથમ પડાવ છે. એના પછીયે અપ્રમત્તભાવે સાધના કરતો રહી, સાધક, 'સકદાગામી' અને 'અનાગામી'નો બીજો અને ત્રીજો પડાવ વટાવી, ચોથા પડાવે પહોંચે – અર્હત્ બને – ત્યારે જ એ જીવન્મુક્ત થયો ગણાય છે. પ્રથમ પડાવે પહોંચેલ સાધકને બૌદ્ધ પરિભાષા 'સોતાપન્ન' (સ્રોતાપન્ન) તરીખે ઓળખે છે. મુક્તિના સ્રોતમાં એ આવી પહોંચ્યો છે; હવે એ તે જ જન્મમાં કે વધુમાં વધુ સાત ભવે અર્હત્‌ની ભૂમિકાએ પહોંચી મુક્ત થઈ જવાનો.

ટૂંકમાં, કોઈ પણ આધ્યાત્મિક પરંપરા સ્વાનુભૂતિની પ્રથમવારની ઉપલબ્ધિને આત્મસાધનાનું અંતિમ ચરણ નથી ગણતી. છતાં પ્રથમવારના અપરોક્ષ સાક્ષાત્કારથી યોગી ભય-શોકાદિથી પોતાને પર અનુભવે છે અને, પૂર્વે કદી ન અનુભવી હોય એવી અપૂર્વ સ્વતંત્રતા, સુરક્ષિતતા અને આનંદ તે અનુભવતો હોવાથી એ અવસ્થાને જ જીવન્મુક્ત દશા માની લેવાય છે. એ માન્યતામાં પણ કંઈક તથ્ય તો છે જ, એ સ્વીકારીને 'યોગવાર્તિક'ના કર્તા વિજ્ઞાનભિક્ષુ અને સાંખ્યમતપ્રવર્તક કપિલ મુનિના પ્રશિષ્ય પંચશિખાચાર્ય જેવા સમર્થ આચાર્યોએ પ્રથમવારના અપરોક્ષ સાક્ષાત્કારને 'પ્રથમ મોક્ષ' અને ધર્મમેઘ સમાધિની પ્રાપ્તિ થતાં આવતી સાચી જીવન્મુક્ત દશાને 'દ્વિતીય મોક્ષ' – **''आद्यस्तु मोक्षो ज्ञानेनेति, द्वितीयो रागादिक्षयात्..।''** કહીને આ બે માન્યતાઓનો સમન્વય કરી આપ્યો છે; અને આગળ વધીને, એમણે સ્પષ્ટતા કરી છે કે **''..कर्मक्षयात् तृतीयं व्याख्यातं मोक्षलक्षणम्।''** – સર્વકર્મનો ક્ષય એ તૃતીય અને અંતિમ મોક્ષ.


રીયલ હેન્ડ એમ્બ્રોઈડરી, રીઅલ જરી,
ચોકબંધ ઘરચોળા, ડિઝાઈનર સાડી, પ્યોર સિલ્ક સાડી
તેમજ એક્સક્લુઝીવ ડ્રેસ માટે
Since 1982...
Lagna Deep

બી-૧૩, જલારામ આશિષ દેવીદયાલ રોડ,
મુલુન્ડ (વેસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૮૦.
ફોન : ૨૫૬૮૦૮૦૭ (૦૨૨)
Mob.: 7666688881 / 7666622229

।। સચ્ચાઈ માતાય નમઃ ।। ।। શ્રી શાંતિનાથાય નમો નમઃ ।। ।। શ્રી સખત માતાય નમો નમઃ ।।

# શ્રી સમસ્ત લોડાયા પરિવારના કુળદેવી શ્રી સચ્ચાઈ માતાજીની ચતુર્થ સમૂહ પહેડીનો અહેવાલ

સચ્ચાઈ માતાજી સમૂહ પહેડી શુભ દિવસ : ચૈત્ર વદ ૪, **શનિવાર, તા. ૧૫-૦૪-૨૦૧૭**, કાલિદાસ ઓપન ગ્રાઉન્ડ, મુલુંડ (વેસ્ટ) ખાતે ભવ્યાતિભવ્ય, આનંદ-ઉલ્લાસ પૂર્વક ઉજવવામાં આવી જેમાં લોડાયા પરિવારના દેશ દેશાવર, તેમજ સમગ્ર મુંબઈ થી આવેલા ભાવિકોએ દર્શન - પહેડીનો લાભ લીધો હતો. શ્રી સચ્ચાઈ માં સમૂહ પહેડી માં મુખ્ય દાતાશ્રી અને સહયોગી દાતાશ્રીઓ એ ખૂબજ ભાવ અને શ્રધ્ધાપૂર્વક પહેડી, પ્રસાદ, આરતી વગેરેનો લાભ લીધો હતો. આમંત્રિત મહેમાનો અને ક.વી.ઓ. સમાજના અગ્રણીઓએ તથા ક.દ.ઓ. મહાજન ના પ્રમુખ કલ્પેશભાઈ મોતા, ઉપપ્રમુખ હીરાલાલ ડાઘા અને લહેરીન ખોના, તથા મહાજન અધિકારીઓ હાજર રહેલ. મહાનુભાવ જયંત સોની, ભુપેન્દ્ર દંડ, શામજી નરશી દંડ, નયન ભેદા, મણિકાંત ધુલ્લા, જયેશ જૈન, જયંત છેડા, દેવેન ધરમશી, મોતીચંદ ખોના, પિનાકીન છેડા, તરણ ધરમશી, હીરાચંદ નાગડા, ભરત વિકમશી, હેમંત મોતા, ચંદ્રેશ છેડા, ઉત્તમ મૈશેરી, પ્રબોધ મુનવર, અરવિંદ લોડાયા, રાયચંદ જીવાણી, ભરત જીવાણી, હંસકુમાર મૈશેરી, મુકેશ મૈશેરી, લહેરચંદ મૈશેરી, ગુલાબ મૈશેરી, ગુલાબ ધરમશી, મહેન્દ્ર ખોના, હરીશ ડાઘા, નરેન્દ્ર શિયાળ, માણેકજીભાઈ ભેદા, કિરણ ભેદા, ચેતન ભેદા તથા લોડાયા પરિવારના સર્વ મહાનુભાવો હાજર રહેલ. પહેડી પ્રસંગને દિપાવવા પ્રવીણ લોડાયા, ગોવિંદજી પટેલ, વીરચંદ લોડાયા, રમેશભાઈ લોડાયા (ભરૂડીયા), સંદીપ લોડાયા, વિપુલ પટેલ, વીરેન્દ્ર લોડાયા, મુકેશ લોડાયા તથા મયંક લોડાયા, નીપેશ પટેલ, ચેતન પીર, જયેશ લોડાયા, કિરીટ લોડાયા, અજિત લોડાયા, મનીષ લોડાયા, વિપુલ લોડાયા, વીરચંદ હીરજી, ભુપેન્દ્ર ડાઘા, વીરચંદ ખોના, પ્રવીણ મોતા, રાજેશ દંડ, અરવિંદ લોડાયા, મનીષ લોડાયા, ચંદ્રેશ લોડાયા, યશ લોડાયા, અજય લોડાયા, હિતેશ પટેલ, નિખિલ પટેલ, કિરણ દંડ, સર્વે કાર્યકરોએ જોરદાર મહેનત કરી પહેડીને સફળ બનાવેલ. મનગમતું રસ થાળ પીરસવાનું મે. ફાઈવસ્ટાર કેટરર્સ તેમજ મે. ધનરાજ ડેકોરેટર્સને ડેકોરેશન સેવાનો લાભ મળ્યો હતો. શ્રી સચ્ચાઈ માં સમૂહ પહેડી સમિતીના આગેવાનો અને કાર્યકર્તાઓ એ પહેડીને યશસ્વી બનાવવા ખાસ જહેમત લીધી હતી. ભક્તિ / રાસ ગરબાની રમઝટ જમાવવા શ્રી મનોજ કારાની તથા શાયદાબેન મીર પધારેલ.

## સચ્ચાઈ માં ના પહેડીના લાભાર્થી પરિવારો

| | | | |
|---|---|---|---|
| મહાપ્રસાદના લાભાર્થી પરિવાર | : | **માતુશ્રી મુરબાઈ રાયચંદ લોડાયા** | (કોઠારા - મુલુંડ) |
| માતાજીને તેડી આવવાના લાભાર્થી પરિવાર | : | **માતુશ્રી ખેતબાઈ હંસરાજ વિશનજી લોડાયા** | (આરીખાણા - મુલુંડ) |
| માતાજીની આરતીના લાભાર્થી પરિવાર | : | **શ્રીમતી રશ્મિબેન પ્રતાપ ચાંપશી લોડાયા** | (તેરા - મુલુંડ) |
| માતાજીના થાળના લાભાર્થી પરિવાર | : | **૧) માતુશ્રી મણીબાઈ કલ્યાણજી લોડાયા** | (આરીખાણા - ડોંબિવલી) |
| | | **૨) માતુશ્રી હંસાબાઈ હિરાચંદ અરજણ પટેલ** | (બાંઢીયા - ઐરોલી) |
| માતાજીને પોંખવાના લાભાર્થી પરિવાર | : | **માતુશ્રી રતનબેન ભવાનજી લોડાયા** | (મોટી સિંધોડી - ડોંબિવલી) |
| દિપ-ધૂપ પૂજાના લાભાર્થી પરિવાર | : | **માતુશ્રી વેલબાઈ લધુભાઈ લોડાયા** | (રાપર ગઢવારી -ઘાટકોપર) |
| માતાજીને ફૂલહાર પહેરાવવાના લાભાર્થી પરિવાર | : | **માતુશ્રી પુષ્પાબેન દામજી લોડાયા** | (બાંઢીયા - ભાંડુપ) |
| માતાજીને ચુંદડી ઓઢાડવાના લાભાર્થી પરિવાર | : | **માતુશ્રી કસ્તુરીબાઈ કેશવજી લોડાયા** | (આરીખાણા - ડોંબિવલી) |
| પૂજામાં બેસવાના લાભાર્થી પરિવાર | : | **૧) માતુશ્રી દમયંતીબેન રતનશી લોડાયા સુપુત્રો** | (સાંયરા - ડોંબિવલી) |
| | | **૨) માતુશ્રી નિર્મલાબેન નવિનચંદ્ર લોડાયા** | (સાંધવ - મુલુંડ) |

## ચતુર્થ સમૂહ પહેડીના સહયોગી દાતાઓ

**આરીખાણા**

| | |
|---|---|
| માતુશ્રી લક્ષ્મીબેન વેલજી લોડાયા | મુલુંડ |
| માતુશ્રી ધનલક્ષ્મીબેન રાયચંદ વિશનજી લોડાયા | |
| માતુશ્રી નવલબેન મુલજી લોડાયા | મુલુંડ |

**બાંઢીયા**

| | |
|---|---|
| શ્રી વિરેન્દ્ર રાઘવજી લોડાયા | અમદાવાદ |
| શ્રી હીરજી શિવજી લોડાયા | મુલુંડ |
| માતુશ્રી લાખબાઈ આણંદજી લોડાયા | નાસિક |

# શ્રી સમસ્ત લોડાયા પરિવારના કુળદેવી શ્રી સચ્ચાઈ માતાજીની ચતુર્થ સમૂહ પહેડીનો અહેવાલ

## ચતુર્થ સમૂહ પહેડીના સહયોગી દાતાઓ

**મોટી ખાવડી**

| | |
|---|---|
| શ્રી જીવરાજ ગોવિંદજી લોડાયા | થાણા |
| શ્રી મોતીલાલ દેવજી લોડાયા | ઘાટકોપર |
| શ્રી ગિરીશ ખીમજી કરમશી શાહ | મુલુંડ |
| શ્રી શાંતિલાલ શામજી શાહ | મસ્જીદ બંદર |
| માતુશ્રી ગોમાબાઈ હેમરાજ લોડાયા | ઘાટકોપર |
| માતુશ્રી શાંતાબાઈ પાસુભાઈ દેવશી લોડાયા | મુલુંડ |

**નલિયા**

| | |
|---|---|
| માતુશ્રી લક્ષ્મીબેન ભવાનજી લોડાયા | મુલુંડ |
| શ્રી નરેન્દ્ર દામજી લોડાયા | મુલુંડ |

**સાંધવ**

| | |
|---|---|
| અ.સૌ. દમયંતીબેન ચાંપશી લોડાયા | ઘાટકોપર |
| માતુશ્રી જમકુંબેન લાલજી પટેલ | મુલુંડ |
| માતુશ્રી વિમલાબેન ઠાકરશી પટેલ | મુલુંડ |
| માતુશ્રી રસીલાબેન માણેકજી મેઘજી લોડાયા | મુલુંડ |
| માતુશ્રી ધનબાઈ દેવરાજ લોડાયા | મુલુંડ |
| શ્રી પ્રકાશ માણેકજી લોડાયા | થાણા |
| શ્રી ભવાનજી રાઘવજી લોડાયા | મુલુંડ |
| માતુશ્રી લક્ષ્મીબેન મણીલાલ લોડાયા | લોકાપુર |
| શ્રી પ્રવીણ માણેકજી લોડાયા | થાણા |
| માતુશ્રી હિરબાઈ નારાણજી માલસી લોડાયા | ભિવંડી |

**વારાપધ્ધર**

| | |
|---|---|
| શ્રી ચંદ્રકાંત હંસરાજ લોડાયા | વાપી |
| શ્રી ટોકરશી રતનશી લોડાયા | ડોંબિવલી |
| શ્રી અરવિંદ લાલજી લોડાયા | ગાંધીધામ |
| શ્રી લાલજી વેલજી લોડાયા | ડોંબિવલી |

**જખૌ**

| | |
|---|---|
| શ્રી સુરેશ શિવજી લોડાયા | મુલુંડ |

**વાંકુ**

| | |
|---|---|
| શ્રી ભવાનજી દેવશી લોડાયા | મુલુંડ |

**નાની ખાવડી**

| | |
|---|---|
| માતુશ્રી સોનબાઈ સોમચંદ કાનજી લોડાયા હ. પ્રફુલ્લભાઈ | અકોલા |

**દલતુંગી**

| | |
|---|---|
| માતુશ્રી સોનબાઈ રાયચંદ લોડાયા | ડોંબિવલી |

**ગોરખડી**

| | |
|---|---|
| માતુશ્રી ચંપાબાઈ રાયચંદ લોડાયા હ. નરેન્દ્ર | ઈન્ડોનેશિયા |

**કોઠારા**

| | |
|---|---|
| માતુશ્રી કસ્તુરીબાઈ રાયચંદ શાહ | વાશી |
| માતુશ્રી પ્રેમાબાઈ લાલજી લોડાયા | મુલુંડ |
| માતુશ્રી કાંતાબેન ગોવિંદજી લોડાયા (અજાણી) | ઘાટકોપર |
| માતુશ્રી જયાબેન ટોકરશી લોડાયા | ડોંબિવલી |
| શ્રી જીવરાજ ચાંપશી લોડાયા (અજાણી) | ચેન્નઈ |
| શ્રી રતિલાલ ધનજી લોડાયા (અજાણી) | ઘાટકોપર |

**ભરૂડીયા**

| | |
|---|---|
| માતુશ્રી પ્રભાવતી મુલજી લોડાયા | |

**મંજલ રેલડીયા**

| | |
|---|---|
| માતુશ્રી નેણબાઈ હીરજી લોડાયા | ડોંબિવલી |

**રાપર ગઢવારી**

| | |
|---|---|
| માતુશ્રી મણીબાઈ નરશી લોડાયા હસ્તે લહેરચંદ | ડોંબિવલી |
| શ્રી વિરચંદ નરશી લોડાયા | મુલુંડ |
| માતુશ્રી પ્રેમાબાઈ મેઘજી હીરજી લોડાયા | ડોંબિવલી |
| અ.સૌ. વિજયાબેન કુંવરજી લોડાયા | ભાંડુપ |

**સાંયરા**

| | |
|---|---|
| શ્રી મધુકર જવેરચંદ લોડાયા | માટુંગા |
| માતુશ્રી મુરબાઈ ઝવેરચંદ લોડાયા | રાયપુર |
| માતુશ્રી જયાબેન શાંતિલાલ લોડાયા | મુલુંડ |
| માતુશ્રી પ્રેમીલાબેન પદમશી લોડાયા | વાશી |
| શ્રીમતી મધુરીબેન દિનેશ લોડાયા | મુલુંડ |
| માતુશ્રી ધનબાઈ શિવજી લોડાયા હ. હંસકુમાર | ઘાટકોપર |
| શ્રી ઝવેરચંદ અરજણ લોડાયા | મુલુંડ |

**સુથરી**

| | |
|---|---|
| માતુશ્રી હેમલતાબેન નલિનકાન્ત પીર | મુલુંડ |
| શ્રી મયુર ખીમજી પીર | મુલુંડ |
| માતુશ્રી હેમલતા પ્રતાપ લોડાયા | મુલુંડ |
| શ્રી મહેશ લક્ષ્મીચંદ લોડાયા | મુલુંડ |
| શ્રી કિર્તીભાઈ પદમશી લોડાયા | મુલુંડ |

**વરાડિયા**

| | |
|---|---|
| માતુશ્રી સોનબાઈ લાલજી લોડાયા | ડોંબિવલી |

**સાંધાણ**

| | |
|---|---|
| માતુશ્રી દેવકાબાઈ શામજી લોડાયા હ. ઉત્તમ, રાયચંદ | કલવા |

**સુજાપુર**

| | |
|---|---|
| શ્રી મુલજી પુનશી લોડાયા | ભાંડુપ |

**સુજ્ઞ જ્ઞાતિજનો જોગ,**

ભાંડુપનો અનંતસિધ્ધી એ આપણા જ્ઞાતિજનોનું અલગ ઓળખાણ ધરાવતું મહત્ત્વનું કેન્દ્ર છે. અનંતસિધ્ધી સંકુલમાં આપણા આદિનાથ દાદાનું દેરાસરજી છે. શ્રી અનંતનાથજી દેરાસર અને તેના સાધારણ ફંડોનું ટ્રસ્ટ, અનંતસિધ્ધી સંકુલનું પુનઃવિકાસ કરી રહ્યું છે, એ આનંદની વાત છે. ટ્રસ્ટના નિર્ણય બદલ અમો શ્રી અનંતનાથજી દેરાસર અને તેના સાધારણ ફંડોના ટ્રસ્ટને પૂરેપૂરો સહયોગ કરશું.

નવા અનંતસિધ્ધી સંકુલમાં જ્ઞાતિના ગૌરવ સમાન ભવ્યાતિભવ્ય મારબલનું **આદિનાથ દાદાનું દેરાસરજી, વિશાળ ઉપાશ્રય, આયંબીલ વાડી, બેન્કેવેટ હૉલ, વિવિધલક્ષી હૉલ, અતિથી ગૃહ** વગેરે નું નિર્માણ થશે. ઉપરાંત હાલ સંકુલમાં રહેતા રહેવાસી માટે વધુ વિસ્તાર અને સુવિધા ધરાવતા ફલેટો બનશે, તેમજ કોમ્પલેક્સમાં નવા જ્ઞાતિ કુટંબોનો પણ ઉમેરો થશે. આ પુનઃવિકાસના ખર્ચા બાદ કર્યા પછી જે રકમનો વધારો થશે તે જ્ઞાતિની આવાસ યોજના માટે વાપરી શકાય અને હાલના કેટલાક પેન્ડીંગ પ્રશ્નોમાંથી એકનો ઉકેલ આવશે એવી અમોને આશા છે. ટ્રસ્ટની આ યોજનાનો જો વિરોધ ન થાય તો મુંબઈ મહાજનશ્રી, શ્રી અનંતનાથજી દેરાસર અને તેના સાધારણ ફંડોનું ટ્રસ્ટના ટ્રસ્ટીઓ, જ્ઞાતિની સેવા કરતી અન્ય સંસ્થાઓ, મંડળો, સંઘો, જ્ઞાતિના દાનવીરો, મોભીઓ તેમજ જ્ઞાતિ કાર્યકરોનો આત્મવિશ્વાસ વધી જશે અને જ્ઞાતિ વિકાસમાં જૂના તથા નવા જ્ઞાતિ સેવકો સામેલ થઇ જ્ઞાતિ મૈયાના સેવા યજ્ઞમાં જોડાશે એવો અમોને વિશ્વાસ છે.

અમો જ્ઞાતિજનોને વિનંતી કરીએ છીએ કે આપનો સંપૂર્ણ સાથ સહકાર મુંબઈ મહાજનશ્રી અને શ્રી અનંતનાથજી દેરાસર અને તેના સાધારણ ફંડોના ટ્રસ્ટીઓને આપશોજી અને ટ્રસ્ટીઓનો મનોબળ વધારશોજી.



**લી. ભાંડુપ તથા અનંત સિધ્ધિના રહેવાસીઓના જય જિનેન્દ્ર**

## સમીટમાં વૃદ્ધ અને નિરાધાર જ્ઞાતિજનો ભુલાયા

પ્રકાશ સમીક્ષા અંક નં. ૨૭/૨૦૧૭ માં લીડરશીપ સમીટ અંગેનો અહેવાલ વાંચ્યો. સ્ત્રીશક્તિ અને યુવા શક્તિના વિકાસની પ્રવૃત્તિઓને મળેલા વોટની ટકાવારી જોતાં નિરાશા ઊપજી. અન્ય પ્રવૃત્તિઓને પણ મળેલા વોટની ટકાવારી પ્રોત્સાહિત કરે એવી નથી. જ્ઞાતિજનોને અનુકુળ હોય એવી પ્રવૃત્તિઓની પસંદગી કરવામાં સમીટ નિષ્ફળ નીવડ્યું છે એમ કહી શકાય?




આપણા વૃદ્ધ, અપંગ અને નિરાધાર જ્ઞાતિજનોને તો સંપૂર્ણપણે ભુલાવી દેવામાં આવ્યા છે. તરછોડાયેલા વૃદ્ધો, અપંગ અને નિરાધાર જ્ઞાતિજનો માટે આશ્રયસ્થાનની ખાસ જરૂર છે, પણ સમીટમાં તેના માટે કોઈ જ ચર્ચા-વિચારણા થઈ નથી. આશરે ત્રણેક વર્ષ પહેલાં વૃદ્ધાશ્રમ માટે સુથરીમાં આવેલું મારું મકાન દાનમાં આપવાની મેં પ્રકાશ સમીક્ષામાં જાહેર ખબર આપી હતી; પણ મને કોઈ ખાસ રિસ્પૉન્સ (પ્રતિભાવ) મળ્યો ન હતો. અલબત્ત, ચાર-પાંચ જણાએ મને સૂચનો અવશ્ય આપ્યા હતા. (હજી મારી ઑફર ઊભી જ છે.) ગરીબ અને નિરાધાર જ્ઞાતિજનો માટે આશ્રમ જેવી સંસ્થાની ખાસ જરૂર છે. પણ એના માટે ઘણી જ રાહ જોવી પડશે એવું લાગે છે. એટલ જ જરૂર છે કચ્છમાં એકલ દોકલ રહેતા ગરીબ અને નિરાધાર જ્ઞાતિજનો માટે મફત ટિફિનની વ્યવસ્થા કરવાની. મેં 'કચ્છ એકમ'ના પદાધિકારીઓને આ બાબતમાં કશુંક નક્કર કરવાની રજૂઆત કરી હતી. તેમનો ઉત્તર પોઝિટિવ હતો. એટલે આ બાબતમાં મને આશા બંધાઈ છે.

આપણે ભગવાનની સેવા-પૂજા કરીને ભલે ગમે એટલું પુણ્ય કમાવીએ, પણ ગરીબ અને નિરાધાર જ્ઞાતિજનોની સેવા (મદદના રૂપમાં) કરીને એનાથી (ભગવાનની સેવા પૂજાથી) પણ અનેક ગણું પુણ્ય કમાવી શકીશું અને સાથે આત્માનંદની પણ પ્રાપ્તિ કરી શકીશું. એક બાબત જણાવવાની રહી ગઈ છે. માંડવી આશ્રમમાં આપણા જ્ઞાતિજનોની સંખ્યા અંદાજે વીસની આસપાસ રહે છે. હાલે ત્યાં દાખલ થવામાં જ ભારે મુશ્કેલીઓનો સામનો કરવો પડે છે તે સહેજ.

– **શામજી પદમશી છેડા,** ગાંધીધામ-કચ્છ

---

**ભુલ સુધાર :** અંક ૩૦માં પાનાં નં. ૬ પર છપાયેલ જાહેરાત (જય તળેટી - સીનીયર સિટીઝન ૯૯ યાત્રા)માં ફોર્મ ભરવાના સરનામા શરતચૂકથી છપાયેલ છે. પ્રકાશ સમીક્ષામાં આપેલ ફોર્મ જ ભરીને પાલીતાણા શેઠ શ્રી નરશી નાથા ચેરીટી ટ્રસ્ટ (ધર્મશાળા)માં મોકલવવા વિનંતી. વધુ વિગત માટે સંપર્ક : પ્રફુલ લોડાયા – 09920560032, રમેશ લોડાયા – 09892003940.

## પદ ગરિમાનું અવમુલ્યન કરતાં બચીએ

અખિલ ભારતીય સ્તરે મુંબઈ મહાજનનું મોભી સ્થાન છે અને આનંદની વાત છે કે અત્યારસુધીના પ્રમુખોએ પદની ગરિમાને આંચ આવે તેવું કશુંય કર્યું નથી. તેથી જ્ઞાતિ જનમાનસમાં તેમનું સ્થાન સદાય આદરણીય રહ્યું છે. મુંબઈના નગરપતિનું સ્થાન પ્રથમ શહેરી રૂપ રહ્યું છે. તે સમાન મુંબઈ મહાજનના પ્રમુખને આદર માન આપી શીર્ષસ્થ ટોચનું સ્થાન હોય કે સંસ્થામાં પદ ફાળવવામાં આવે છે, એ પરંપરાગત ચલણમાં રહેલી નિર્વિવાદ રૂઢી છે.

શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિ વસ્તીપત્રક સમિતિના પ્રકાશિત અહેવાલમાં શ્રી કલ્પેશ માણેકજી મોતા જે મુંબઈ મહાજનના વર્તમાન પ્રમુખ છે, તેમને ડે. ગવર્નરનો દરજ્જો ફાળવવામાં આવ્યો છે. સંજોગવસાત્ કોઈ કારણસર શીર્ષસ્થાન ફાળવવામાં અડચણ હોય તો વ્યવહારિક વલણ અપનાવી તેઓશ્રીને Ex. Officer ગવર્નર જાહેર કરવા જોઇએ. જેથી મુંબઈ મહાજનના પ્રમુખ પદનું અવમુલ્યન થતાં અટકે અને ભવિષ્યમાં અન્ય જ્ઞાતિ સંસ્થા કે સમિતિઓને બોધરૂપ બને તેથી ભૂલ કરતાં ટળે.

– **કાંતિલાલ કેશવજી મોતા,** મુલુંડ

**સંસ્થા સમાચાર શક્ય એટલા ટૂંકા મોકલવા અન્યથા જાહેરાત આપવી : વિગતવાર નામો, ઉછામણી, સંઘપૂજન, પ્રભાવના જેવી વિગતો સમાચારમાં પ્રગટ થતી નથી. કાર્યક્રમમાં નવકાર મંત્ર પઠન થયું, કયા મહાનુભાવોએ દિપ પ્રાગટ્ય કર્યું, શાની પ્રભાવના થઈ કે સંઘપૂજન કેટલું થયું, કેવો આહાર લીધો કયા મહાનુભાવો પધાર્યા એવી ઔપચારિકતાની વિગતોને બદલે કાર્યક્રમની મુખ્ય વિગતો જ મોકલવી તેમ છતાં જાહેરાતના માધ્યમ દ્વારા આવી વિગતવાર માહિતી આપી શકાશે.**


**સમસ્ત મહાજન : જોઈએ છે**

શ્રી સમસ્ત ક.દ.ઓ. જૈન મહાજનને કાર્યાલય-વહીવટી કાર્ય સંભાળી શકે તેવા અનુભવી વ્યક્તિ (મહિલા/પુરૂષ)ની આવશ્યકતા છે. અપેક્ષીત પગાર સાથે વિગતવાર બાયોડેટા **samastamahajan@yahoo.com** પર મેઈલ કરો.

સેક્રેટરી જનરલ - **ચીમન મોતા**

**સાંયરા ચેરીટેબલ ટ્રસ્ટ - સાંયરા**

ટ્રસ્ટ તરફથી ભારતભરમાં વસતા સાંયરાવાસી વિદ્યાર્થીઓને અભ્યાસ માટે ફીનો ખર્ચ આપવામાં આવશે. અરજી ફોર્મ માટે સંપર્ક : બી. આર મોમાયા એન્ડ કું., આર્મી-નેવી બિલ્ડીંગ-૧૪૮, મહાત્મા ગાંધી રોડ, મુંબઈ-૪૦૦ ૦૦૧. ફોન : **022-22844568**

卐 ।। શ્રી સર્વોદય પાર્શ્વનાથાય નમઃ ।। 卐

અચલગચ્છાધિપતિ પ.પૂ. આ.ભ.શ્રી 'ગૌતમ-ગુણ-ગુણોદય' સૂરિના આજ્ઞાવર્તી
મેવાડ દિવાકર, સાહિત્ય સંશોધક, જ્યોતિષાચાર્ય પ.પૂ.





# ગુરૂદેવશ્રી સર્વોદયસાગરજી મ.સા.ની

## ગુણાનુવાદ સભાની ઝલક... પલકમાં....

તપચક્રવર્તી અચલગચ્છાધિપતિ પ.પૂ. આ.ભ. શ્રી **ગુણોદયસાગરસૂરીશ્વરજી** મ.સા. ના મંગલ આશિષ
સંઘવત્સલ યુવાચાર્ય પ.પૂ. આ.ભ. શ્રી **કલાપ્રભસાગરસૂરીશ્વરજી** મ.સા.,
પ.પૂ. મુનિરાજશ્રી **ઉદયરત્નસાગરજી** મ.સા., પ.પૂ. મુનિશ્રી **ભદ્રંકરસાગરજી** મ.સા. તથા
પ.પૂ. મુનિશ્રી **ગુણવલ્લભસાગરજી** મ.સા. તેમજ યતિવર્ય પ.પૂ.શ્રી **મોતીસાગરજી** મ.સા.ની
પાવનકારી નિશ્રા...

- પરેલથી **'જગત-નિરંજન'** બાગનાં પ.પૂ.સા.શ્રી **અરૂણોદયશ્રીજી** મ.સા.નાં શિષ્યા-પ્રશિષ્યા, લાલબાગથી પ.પૂ.સા.શ્રી **વિપુલગુણાશ્રીજી** મ.સા. ના શિષ્યાઓ, દાદર-પૂર્વથી પ.પૂ.સા.શ્રી **નયરત્નગુણાશ્રીજી** મ.સા.તેમજ માટુંગા સ્થિત પ.પૂ.સા.શ્રી **સુશીલગુણાશ્રીજી** મ.સા. આદિ ઠાણાઓ - શ્રમણીવૃંદનું સ્નેહીલ સાનિધ્ય.
- લગભગ ૧૨૫૦ શ્રાવક-શ્રાવિકાઓની નોંધનીય હાજરી. ભારતભરનાં વિવિધ રાજ્યોથી ગુરૂભક્તો પધાર્યા.
- અખિલ ભારત અચલગચ્છ (વિધિપક્ષ) જૈન સંઘના પ્રમુખ **શ્રીમાનશ્રી વિનોદભાઇ દેવરાજ ગંગરની 'સભાપ્રમુખ'** તરીકેની ઉપસ્થિતી.
- પ.પૂજ્ય ગુરૂદેવશ્રીનાં સ્વહસ્તાક્ષરે લખેલી ૪-૪ મંત્રપોથીઓ અર્પણ કરાઇ....
  મંત્રપોથીના લાભાર્થી : શ્રી કેતનભાઇ ટોકરશી સાવલા (ભીંસરા-માટુંગા), શ્રી તેજસભાઇ કીર્તીભાઇ દોશી (મહુવા-સાયન), શ્રી પ્રકાશભાઇ શામજી વીરા (લાયજા-પ્રાર્થના સમાજ), શ્રી સોમચંદભાઇ વેલજી લોડાયા (આરીખાણા-મુલુંડ પૂર્વ)
- પૂજ્ય ગુરૂદેવશ્રી દ્વારા પ્રકાશિત થયેલ ૪૫ (મૂળ) આગમો નો સંપૂર્ણ સેટ ૮-૮ સંઘોને જ્ઞાનભંડાર માટે પ.પૂ.આચાર્ય ભગવંતશ્રી **કલાપ્રભસાગરસૂરીશ્વરજી** મ.સા. ના કરકમળો દ્વારા અર્પણ કરાયો.
  ધન્ય થયા આ આઠ સંઘો ૧) શ્રી ભાંડુપ ક.વિ.ઓ. અચલગચ્છ જૈન સંઘ, ૨) શ્રી અચલગચ્છ જૈન સંઘ - મુલુંડ પૂર્વ, ૩) શ્રી થાણા અચલગચ્છ જૈન સંઘ, ૪) શ્રી ભીવંડી અચલગચ્છ જૈન સંઘ, ૫) શ્રી અંબરનાથ કચ્છી મૂર્તિપૂજક જૈન સંઘ, ૬) શ્રી વિકાસ એપાર્ટમેન્ટ અચલગચ્છ જૈન સંઘ - પરેલ, ૭) શ્રી સાંગલી અચલગચ્છ જૈન સંઘ, ૮) શ્રી હૈદ્રાબાદસિટી અચલગચ્છ જૈન સંઘ
- પૂજ્યશ્રીની ગુણાનુવાદ સભા નિમિત્તે, એમનાં સંસારી પક્ષે પરીવારના શ્રી ધીરજભાઇ દામજી ખીમજી ગંગર (મેરાઉ - થાણા) તરફથી પૂજ્યશ્રીનાં બાળપણથી અત્યાર સુધીનાં સંગ્રહ કરેલા તમામ ફોટાનાં લેમીનેટેડ બેનરોનું નયનરમ્ય પ્રદર્શન.
- અલ્પ સમયમાં થઇ **'સર્વોદય ગુરૂ ઇક્કીસા'** ની રચના.
- પૂજ્યશ્રીનાં જીવનમાં પરીચિત - અપરીચિત - અપ્રગટ ઘટનાઓ પર પ્રકાશ પાડતું એક અદ્ભુત **'સર્વોદય સ્મૃતિ વિશેષાંક'** ઓજસ્વી પ્રવચનકાર યુવા મુનિશ્રી **ગુણવલ્લભસાગરજી** મ.સા.ની તેજસ્વી કલમે લખાશે - પ્રકાશિત થશે.
- **'મેવાડ પ્રદેશે ૧ એકર જમીન પર મેવાડ દિવાકરશ્રીનું ભવ્ય ગુરૂમંદિર'** બનાવવાની એક સદગૃહસ્થ પરિવાર દ્વારા થઇ શાનદાર અનુમોદનીય જાહેરાત.
- પૂજ્ય ગુરૂદેવને પૂર્ણસમર્પિત પરમ ગુરૂભક્ત એવા ૧૦૮ પરિવારોને ૭ ઇંચની **'શ્રી સર્વોદય ગુરૂ પ્રતિમા'** આગામી મહિનામાં અર્પણ થશે.
- સાહિત્ય દિવાકર પ.પૂ.આ. ભગવંત શ્રી **કલાપ્રભસાગરસુરીશ્વરજી** મ.સા.ની ઇચ્છાનુસાર પૂજ્ય ગુરૂદેવ શ્રી **સર્વોદયસાગરજી** મ.સા.ના સાહિત્ય સંશોધનનાં અધૂરા રહેલા કાર્યો અને હસ્તપ્રતો આદિ નો સંરક્ષણ-વિસ્તરણ આદિ તમામ કાર્યો હવેથી અધ્યાત્મયોગી ગુરૂદેવશ્રી **ઉદયરત્નસાગરજી** મ.સા. ના દેખરેખ અને માર્ગદર્શન હેઠળ આગળ વધારવામાં આવશે.
- પૂજ્ય ગુરૂદેવશ્રી **સર્વોદયસાગરજી** મ.સા. નાં ૪૧-૪૧ વર્ષના નિર્મળ પ્રેરક સંયમજીવનની અનુમોદનાર્થે તથા પૂજ્યશ્રીનાં આત્મશ્રેયાર્થે તા. ૧૨ ઓગસ્ટ થી તા. ૧૭ ઓગસ્ટ પાંચ દિવસનાં અતિ ભવ્ય... શાનદાર પંચાન્હિકા મહોત્સવનું **શ્રી વડાલા અચલગચ્છ જૈન સંઘ**માં સંભવનાથ જિનાલયે, સુંદર આયોજનની જાહેરાત.
- અનેક સંસ્થાઓ, સંઘો, મહાજનોનાં પ્રતિનિધિઓએ કર્યો ગુરૂદેવનો ગુણાનુવાદ.
- સંપૂર્ણ ગુણાનુવાદ સભાનું સુંદર સંચાલન કર્યું : - **શ્રીમાનશ્રી કિરણભાઇ વેરશી ગડા** (ચીઆસર-વડાલા, મુંબઇ)
- અચલગચ્છ, તપાગચ્છ, પાર્શ્વચંદ્રગચ્છ, સ્થાનકવાસી આદિ સર્વે સાધુ-સાધ્વી-શ્રાવક-શ્રાવિકા-સંઘોનાં આવ્યાં ૪૨૫ થી વધુ શોક સંદેશ, પત્રો. કારણકે 'સર્વોદય- ગુરૂવર', સર્વ ના હતા...સર્વ સમુદાય એમને માન્ય હતો અને સર્વ સમુદાયના પૂજ્યશ્રી આદરણીય - વંદનીય હતા.
- ગુણાનુવાદ સભાનાં અંતે **શ્રી મીત મહેશચંદ્ર ગડા** (નાના રતાડીયા-વિક્રોલી) તરફથી ઉપસ્થિત સર્વેને વિશિષ્ટ **'પંચ પરમેષ્ઠિ રક્ષાપોટલી'** ની પ્રભાવના.
- **શ્રી અખિલ ભારત અચલગચ્છ (વિધિપક્ષ) જૈન સંઘ** તથા **શ્રી વડાલા અચલગચ્છ જૈન સંઘ**નું સંયુક્ત આયોજન તથા **શ્રી માટુંગા કચ્છી શ્વેતામ્બર મૂર્તિપૂજક જૈન સંઘ**નો મળ્યો સુંદર સાથ... સંગાથ.... સહકાર.....

થયો
પૂજ્ય ગુરૂદેવનો
જય જયકાર...

**લિ. શ્રી ચારિત્રરત્ન ફાઉન્ડેશન ચેરીટેબલ ટ્રસ્ટ**
।। ઉદયો ભવતુ સર્વેષામ્ ।।

સર્વેનો
આભાર...
અપરંપાર...

BINITA S. MARU - 9869034162

## ❖ શ્રી જીરાવલ્લા પાર્શ્વનાથજી જૈન દેરાસર ટ્રસ્ટ – તેરા ❖

કચ્છની મોટી પંચતીર્થી પૈકી તેરા તીર્થ એક આગવું સ્થાન ધરાવે છે.

મુળનાયક શ્રી જીરાવલા પાર્શ્વનાથ પ્રભુનો જિનાલય ૧૫૯ વર્ષ અને શ્રી શામળીયા પાર્શ્વનાથ પ્રભુનો જિનાલય ૧૯૫ વર્ષ પ્રાચીન છે. શ્રી સહસ્ત્રકુટ જિનાલય ૨૮ વર્ષ પહેલાં નિર્માણ પામેલ છે. બન્ને દેરાસરોનાં મુળનાયક ભગવાનની પ્રતિમાઓ શ્રી સંપ્રતિ મહારાજાનાં સમયની છે. બન્ને પ્રતિમાઓ પ્રાચીન અને ચમત્કારીક છે.

આ ઉપરાંત સંકુલમાં છ દેરીઓ, શ્રી નરેન્દ્ર જ્ઞાન મંદિર માં આવેલ - કલાત્મક તીર્થ પટ્ટો જોવા લાયક છે. દેરાસરજીની બાંધણી અને કલા કારીગીરી પ્રાચીન સ્થાપત્યની અદ્‌ભુત સાક્ષી પૂરે છે. તીર્થનાં દર્શનાર્થે દર વરસે- અંદાજે ૩૫ થી ૪૦ હજાર યાત્રાળુઓ અત્રે પધારીને ધન્યતા અનુભવે છે.

દેરાસરજીનાં સાધારણ ખાતાને માતબર કરવા માટે ટ્રસ્ટ તરફથી રૂા. ૨૫૦૦/- એક આની ની **''શ્રી કાયમી સુવર્ણ સાધારણ ફંડ પંચવર્ષીય યોજના''** શરૂ કરવામાં આવેલ છે.

ગુજરાત રાજ્યમાં તેરા ગામ હેરીટેજ વિલેજ તરીકે ડીક્લેર થયેલ છે. તેરા ગામનાં ત્રણે તળાવો પ્રખ્યાત છે.

## ❖ શ્રી કચ્છી દશા ઓશવાલ જૈન મહાજન સાર્વજનિક ટ્રસ્ટ – તેરા ❖

તેરા તીર્થે આવનાર યાત્રાળુઓ માટે શ્રી જૈન મહાજનવાડીમાં નીચે પ્રમાણે સુવિધાઓ ઉપલબ્ધ છે.

- ❖ **શ્રીમતિ રતનબાઈ ભાણજી દેવજી ખીમજી અતિથીગૃહ :** જેમાં આધુનિક સગવડવાળા ૮ રૂમ A/C તથા ૮ રૂમ NON A/C છે.
- ❖ **શ્રી રાજલક્ષ્મી વાત્સલ્યધામ :** જેમાં આધુનિક સગવડળતાવાળા ૮ રૂમ A/C છે.
- ❖ **શ્રી મહેન્દ્ર હૉલ :** જેમાં અંદાજે ૪૦ જણ રહી શકે તેવી સગવડતા છે.
- ❖ **ગોવિંદ કૂંજ :** સારી સગવડતા વાળા ત્રણ રૂમની અલાયદી વ્યવસ્થા છે.
- ❖ મહાજનવાડી કંપાઉન્ડમાં પેવરબ્લોક તથા નાનકડો બગીચો બનાવવામાં આવેલ છે.
- ❖ ૩૦ K.V.નું નવું જનરેટર સેટ વસાવવામાં આવેલ છે.
- ❖ પીવાનું શુધ્ધ પાણી મળે તે માટે R.O. પ્લાંન્ટ બેસાડવામાં આવેલ છે. સાથોસાથ ઠંડા પાણી માટેની કુલર વ્યવસ્થા છે.

## ❖ શ્રી તેરા પાંજરાપોળ ❖

શ્રી કચ્છી દશા ઓશવાલ જૈન મહાજન તેરા હસ્તક શ્રી તેરા પાંજરાપોળ - તેરા, જીવદયા ક્ષેત્રે અંદાજે ૧૪૨ વર્ષથી કાર્ય કરી રહેલ છે. હાલે સંસ્થામાં કુલ્લે ૨૧૬ ગૌવંશનું નિભાવ થઈ રહેલ છે.

ગૌ સેવા આયોગ ગાંધીનગર - ગુજરાત તરફથી કચ્છની ૮૨ પાંજરાપોળોમાંથી કચ્છની ૧૪ પાંજરાપોળોનાં વિકાસ કરવા માટેની પંસદગી કરવામાં આવેલ છે. તેમાં શ્રી તેરા પાંજરાપોળ - તેરા નો સમાવેશ થાય છે.

તેરા પાંજરાપોળને આર. એફ.આય.ડી પ્રોજેક્ટ માટે પંસદગી કરવામાં આવેલ છે.

ગૌ સેવા આયોગ તથા GEDA નાં સહકારથી નીચે મુજબની સુવિધાઓ સંસ્થામાં કરવામાં આવેલ છે.

૧) Gujrat Energy Dev. Agency (GEDA) ગુજરાત રાજ્ય મારફત પાંજરાપોળનાં કંપાઉન્ડમાં ૮૫ ઘ.મી.નું બાયોગેસ પ્લાંન્ટ, જેનો ઉપયોગ મહાજન વાડીનાં રસોઈ ઘરમાં થાય છે.

૨) ગૌ સેવા ગાંધીનગર (ગુજરાત) તરફથી સોલાર લાઈટની સુવિધા કરવામાં આવેલ છે.

૩) ગૌ સેવા આયોગ-ગાંધીનગર (ગુજરાત) તરફથી પાંજરાપોળ નાં ખુલ્લા - કંપાઉન્ડમાં ૭ ફુટ ઉંચી અને ૧૧૭૬ રનીંગ ફુટ લાંબી દિવાલ બનાવવામાં આવેલ છે.

૪) ચાલુ સાલે જંગલ ખાતા તરફથી જુદી/જુદી જાતનાં ૧૨૦ રોપા મેળવીને લગાડવામાં આવેલ છે. તેની ઉછેરવાની જવાબદારી સંસ્થાએ લીધેલ છે. પાંજરાપોળ સામે આવેલ બગીચામાં દરરોજ પક્ષીઓને ચણ આપવામાં આવે છે.

૫) સંસ્થાને ગૌ સેવા આયોગ ગાંધીનગર તરફથી આર.એફ.આઈડી પ્રોજેક્ટ માટે ડેસ્કટોપ કમ્પ્યુટર, યુ.પી.એસ, પ્રિન્ટ રીડર આપવામાં આવેલ છે.

## ❖ શ્રી તેકુલાધુ જૈન યુવક સંઘ મુંબઈ આયોજીત આગામી ''સ્નેહમિલન કાર્યક્રમ'' ❖

તા. ૮-૧૦-૨૦૧૭ ને રવિવાર, નારાણજી શામજી મહાજન વાડી માટુંગા મધ્યે વાર્ષિક સ્નેહમિલન રાખેલ છે. કાર્યક્રમ દરમ્યાન તેરા તીર્થાધિપતિ જીરાવલ્લા તથા શામળીયા પાર્શ્વનાથ દાદાની ધ્વજા તથા અઢાર અભિષેકના ચડાવા - નકરા લેવામાં આવશે. ધ્વજા સં. ૨૦૭૪, મહાસુદ ૫ તા. ૨૧-૧-૨૦૧૮ ના છે.

|| શ્રી જીરાવલ્લા પાર્શ્વનાથાય નમઃ ||

મેરા ગામ તેરા

|| શ્રી શામળીયાજી પાર્શ્વનાથાય નમઃ ||

# પધારો આમંત્રણમ્ પધારો

જય જિનેન્દ્ર,

પરમ કૃપાળુ પરમાત્મા શ્રી જીરાવલ્લા દાદા અને શામળીયા પાર્શ્વનાથની અસીમ કૃપા, ગુરૂભગવંતોના આર્શીવાદથી **શેઠશ્રી હંસકુમાર ભવાનજી અરજણ ખીમજી** તરફથી તેરા તીર્થની સંસ્થાઓ, મહાજન ટ્રસ્ટ તથા પાંજરાપોળને માતબર રકમનું અનુદાન મળેલ છે.

દાતાશ્રીનું **સન્માન** તથા **નામકરણ વિધી સમારોહ. શુક્રવાર તા. ૧૮-૦૮-૨૦૧૭,** શ્રાવણ વદ ૧૧, બપોરના ૨.૦૦ કલાકે, તેરા જૈન મહાજન વાડી મધ્યે રાખવામાં આવેલ છે.

ઉપરોક્ત કાર્યક્રમ મધ્યે સર્વે જ્ઞાતિજનો સહ તેરા, કુવાપધર, લાખણીયા અને ધુફી ગામના પરિવાર જનોને, નિયાણીઓને, કચ્છમાં રહેતા આપણા સ્થાનિક ગામ વાસીઓ તથા પર્યુષણ પર્વ માટે માદરે વતન કચ્છ ના વિવિધ ગામોમાં પધારનાર સર્વે જ્ઞાતિજનોને તથા સર્વે આમંત્રિત પરિવારજનોને પધારવા ભાવભીનું હૃદયપૂર્વકનું આમંત્રણ છે.

## સમારંભ પ્રમુખશ્રી

**શેઠ શ્રી લક્ષ્મીચંદ ધારશી મોતા** (લાખણીયા – વડાલા)

## દાતાશ્રી

**શેઠ શ્રી હંસકુમાર ભવાનજી અરજણ ખીમજી** (તેરા – મુંબઈ)

## મુખ્ય અતિથી વિશેષ

**શ્રી તારાચંદભાઈ જગશી છેડા** – માનનીય ધારાસભ્યશ્રી (માંડવી/મુંદ્રા વિભાગ)

## અતિથી વિશેષ

**શ્રી રાજાબાવા યોગેન્દ્ર સિંહજી** (અધ્યક્ષ – શ્રી માતાના મઢ જાગીર ટ્રસ્ટ)

**શ્રીમતી દુર્ગા કુમારીબા રૂદ્રસિંહજી જાડેજા** (તેરા ઠાકોર પરિવાર)

**શ્રીમતી હેમાબેન ગુલાબચંદ છેડા,** પ્રેરક (નલીયા – બેંગલોર)

**શ્રી ભુપેન્દ્રભાઈ મુરજી દંડ** (લાખણીયા – નવી મુંબઈ) ભૂમિરાજ ડેવલોપર્સ





# નામકરણ વિધી સમારોહ





**શ્રી તેરા જૈન મહાજન વાડી સંકુલ**

**શેઠશ્રી ભવાનજી અરજણ ખીમજી**
"શ્રી કચ્છી દશા ઓશવાલ જૈન વિવિધ લક્ષી સંકુલ" તેરા

**શ્રી તેરા જૈન મહાજન હસ્તક ભોજનાલય**

**માતુશ્રી ઝમકુબાઈ ભવાનજી અરજણ ખીમજી**
"સાધર્મિક ભક્તિ ભવન"

**શ્રી તેરા જૈન મહાજન હસ્તક પાંજરાપોળ**

**શ્રી તેરા જૈન મહાજન હસ્તક રસોડાઘર**



**શેઠશ્રી હંસકુમાર ભવાનજી અરજણ ખીમજી**
"જીવદયા કેન્દ્ર"

**શ્રીમતી ભારતીબેન હંસકુમાર ખીમજી**
"અન્નપૂર્ણા ગૃહ"



આપ છો ઈશ્વરની અમૂલ્ય કૃતિ, પરગજુપણું આપની માનીતી વૃતિ,
જે નિઃસહાયની કરે મદદ પૂર્તિ, એજ છે દાનવીર દાતાની ખરી પ્રવૃતિ...

**આ કાર્યક્રમ બાદ સાધર્મિક ભક્તિનો લાભ આપશોજી.**

લી. **શ્રી જીરાવલ્લા પાર્શ્વનાથ જૈન દેરાસર ટ્રસ્ટ - તેરા**
**શ્રી કચ્છી દશા ઓશવાલ જૈન મહાજન સાર્વજનિક ટ્રસ્ટ - તેરા**
**શ્રી તેરા પાંજરાપોળ - તેરા**

# મેરા ગામ ''તેરા''......

મેરા ગામ ''તેરા''......

મેરા ગામ ''તેરા''......




















## આરોગ્ય પ્રકાશ : આરોગ્ય માટે ઉપયોગી માહિતી - ભાગ ૧

- ડૉ. વીરચંદ લખમશી નાગડા, M.B.B.S. (Bom), મુલુંડ, M : 09757303562 / 07069621931

**૧) વજન ઘટાડવા :** વજન ઘટાડવા માટે ઘણા લોકો ઓછા કાર્બોહાઈડ્રેટ અને વધુ પ્રોટીનવાળા ડાયેટની પસંદગી કરતા હોય છે પરંતુ કાર્બોહાઈડ્રેટનું પ્રમાણ ઓછું કરવાથી ગ્લુકોઝનું ઉત્પાદન મંદ પડે છે. કાર્બોહાઈડ્રેટ લોહીમાં ગુપ્ત ગ્લુકોઝ ઉત્પન્ન કરે છે. આપણા મગજમાં સાકર કે ગ્લુકોઝનો સંગ્રહ થતો નથી. મગજને સતત કાર્યરત રાખવા ગ્લુકોઝની સતત જરૂર હોય છે. એની થોડીવારની ઓછપ પણ વિચારશક્તિ, યાદશક્તિ અને નિર્ણયશક્તિ પર અસર કરે છે. પુખ્ત વયની વ્યક્તિએ દરરોજ ૧૩૦ ગ્રામ કાર્બોહાઈડ્રેટ મળી રહે તેવા આહારનું આયોજન કરવું જોઇએ. ''લૉ કાર્બ કે નો કાર્બ'ના ડાયેટને લાંબા ગાળા સુધી વળગી રહેવાથી વજનમાં ઘટાડો થશે પણ મગજની ક્ષમતામાં થોડો ઘટાડો થવાનું જોખમ છે એવા ડાયેટને લાંબા ગાળા સુધી વળગી ન રહેવું.

વજન ઘટાડવા ભૂખ્યા રહેવું જરૂરી નથી. ચોક્કસ મુદ્દાઓને ધ્યાનમાં રાખવાથી વજન સરળતાથી ઘટે છે તેમ જ કોઈ તકલીફનો સામનો પણ કરવો પડતો નથી. સવારના ૧ ગ્લાસ ગરમ પાણીમાં એક આખું લીંબુ નીચોવી, જો ચોખ્ખું મધ મળતું હોય તો ૧ ચમચી મધ ઉમેરી ખાલી પેટે લેવું. લીંબુ જેને માફક ન આવતું હોય તે ન લે. મધ ભાગ્યે જ અસલી મળે છે. નકલી કે સાકરવાળું હોય તો તે ફાયદાને બદલે નુકશાન કરશે. નાસ્તા અને જમવાનો એક સમય નક્કી કરવો. નાસ્તા પછી રાત્રે ભીંજવેલ ૧૫/૨૦ દાણા મેથીના ખાવા. નાની એક ચમચી તજ પાણી સાથે લેવું. કોળિયા નાના નાના ભરવા. ધીરે ધીરે બરાબર ચાવીને ભોજન કરવાથી ભોજનનો આનંદ તથા સંતોષ મળે છે. જમવા પહેલા ૧ ગ્લાસ સૂપ કે જ્યુસ પીવું (ડાયાબીટીઝ ના દર્દીએ ફળના જ્યુસ ન લેવા) જેથી પેટ ભરાય. ભોજનની શરૂઆતમાં પહેલાં જ સલાડની એક ડીશ ખાઈ લેવાથી પેટમાં ઓછી જગ્યા રહેશે, જેથી બાકીનું ભોજન ઓછું ખવાય. જમણની વચ્ચે વધુ પાણી ન પીવું. જમવા બાદ મોં સાફ કરવા પુરતું થોડું જ પાણી લેવું સાથે ૧ નાની ચમચી સૂંઠ લેવી. જમણ સાથે ઠંડા પાણી કે ઠંડુ પીણા ખૂબ નુકશાનકર્તા છે. જમ્યા પછી ૧ કે દોઢ કલાક બાદ પાણી પીવું. હુંફાળું પાણી વધુ ફાયદાકારક છે. જમ્યા બાદ હળવે હળવે ૧૦૦-૨૦૦ પગલા ચાલવા, તરત જ સુઈ ન જવું. દિવસ દરમ્યાન પરિશ્રમ કરતા રહેવાથી ખાધેલું જલ્દી પચી જાય છે. જમ્યા પછી તરત જ નહાવું, કસરત કે ભારે કામ કરવું નહિં. આરામદાયક જીવન કે બેઠાડુ જીવનની સરખામણીએ પરિશ્રમ કરનાર કે ઘરના કામકાજ કરનાર વ્યક્તિને ભોજન જલ્દી પચી જાય છે અને વજન વધતું નથી.


॥ શ્રી ચંદ્રપ્રભ સ્વામીને નમઃ ॥

### શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજન - નલીયા તથા તેના ગામ ના વાડા

તા. ૨૪-૦૭-૨૦૧૭

### વાર્ષિક સામાન્ય સભાની જાહેરખબર

મહાજનશ્રીની **વાર્ષિક સામાન્ય સભા બુધવાર, તા. ૨૩/૦૮/૨૦૧૭**ના રાતના ૯.૦૦ કલાકે મહાજનશ્રીના વિવિધલક્ષી હૉલમાં મળશે. જેમાં નીચે મુજબની કાર્યવાહી હાથ ધરવામાં આવશે.

**-: કાર્યસુચિ :-**

૧) ગત મિનીટસનું વાંચન તથા એને બહાલી.
૨) મહાજનશ્રીનો વાર્ષિક અહેવાલ.
૩) વર્ષ ૨૦૧૬-૨૦૧૭ના વાર્ષિક ઓડીટેડ હિસાબોનું વાંચન તથા બહાલી.
૪) લાડણપુરા (છળ ફલીયામાં), ભચીબાઈ દેવજી પુનશીનો બંગલો જે હાલ પાઠશાળામાં વપરાય છે. (મોતા ફલીયામાં), ભોજરાજ દેશરનું ઉપાશ્રય જે હાલ વપરાશમાં છે. ઉપરોક્ત ત્રણ મકાનના જીર્ણોધ્ધાર કરવા બાબત.
૫) આવેલ પત્રોનું વાંચન.
૬) પ્રમુખશ્રીની મંજુરીથી જે કાંઈ રજુ થાય તે.

**સર્વે સભ્યોને સમયસર ઉપસ્થિત રહેવા વિનંતી.**

**શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજન - નલીયા વતી ટ્રસ્ટીગણ**

॥ જીવદયા પરમો ધર્મ ॥

### શ્રી પાંજરાપોળ ગૌશાળા ચેરીટેબલ ટ્રસ્ટ - નલીયા

તા. ૨૪-૦૭-૨૦૧૭

### વાર્ષિક સામાન્ય સભાની જાહેરખબર

**સર્વ નલીયાવાસીઓ તથા તેના ગામના વાડાના સર્વ ભાઈઓ અને બહેનો,**

શ્રી પાંજરાપોળ ગૌશાળા ચેરીટેબલ ટ્રસ્ટની **વાર્ષિક સામાન્ય સભા બુધવાર, તા. ૨૩-૦૮-૨૦૧૭**ના રાતે ૮.૩૦ કલાકે નલીયા મહાજનશ્રીના વિવિધલક્ષી હૉલમાં મળશે. જેમાં નીચે મુજબની કાર્યવાહી રહેશે.

**-: કાર્યસુચિ :-**

૧) ગત મિનીટસનું વાંચન તથા બહાલી.
૨) પાંજરાપોળનો વાર્ષિક અહેવાલ.
૩) વર્ષ ૨૦૧૬-૧૭ના ઓડીટ હિસાબનું વાંચન અને બહાલી.
૪) પાંજરાપોળના ખેતરમાં નલીયાવાસી તથા અન્ય ગામોના સર્વ ક.દ.ઓ. જૈનો માટે વિકાસલક્ષી પ્રોજેક્ટનું આયોજન કરવા ચર્ચા વિચારણા.
૫) આવેલા પત્રોનું વાંચન.
૬) પ્રમુખશ્રીની મંજુરીથી જે કાંઈ રજુ થાય તે.

**સર્વે સભ્યોને સમયસર ઉપસ્થિત રહેવા વિનંતી.**

**શ્રી પાંજરાપોળ ગૌશાળા ચેરીટેબલ ટ્રસ્ટ - નલીયા વતી ટ્રસ્ટીગણ**

ઘણીખરી બિમારીઓ ખોરાક ન પચવાથી જ લાગુ પડે છે.

સાંજનું જમણ બની શકે તેટલું વહેલું કરવું જેથી સુતા પહેલાં તે પચી જાય. સૂર્યાસ્ત પહેલાં જમી લેવું ઉત્તમ છે તે શક્ય ન હોય તો બની શકે તેટલું વહેલું જમવું અને વધુ મોડા જમીઓ તો ભોજન હળવું લેવું ઉત્તમ છે. તે શક્ય ન હોય તો બની શકે તેટલું વહેલું જમવું અને વધુ મોડા જમીએ તો ભોજન હળવું લેવું. બપોરના કામકાજને હિસાબે બરાબર નથી જમ્યા માટે રાખે ઠાંસી ઠાંસીને ન જમવું. અઠવાડીએ એક વખત રાત્રિ ભોજનનો ત્યાગ ફાયદાકારી છે. ચાલીશી વટાવ્યા બાદ તો આ નુસ્ખો અજમાવવા જેવો છે. ખાવાનું પાચન થતાં આશરે ૪ (ચાર) કલાક લાગે છે તેથી બે આહારની વચ્ચે ચાર કલાકનો સમયગાળો આરોગ્યદાયી છે. પ્રવાહી ખોરાકને આશરે ૪૫ મિનિટ પચતાં લાગે છે. નિયમિત કસરત, જોગિંગ, દોરડા કુદવા, દાદરા ચડવા ઉતરવા, કપાલભાતિ, સર્વાગાંસન, ઉત્તાન પાદાસન, પશ્ચિમોતાનાસન, સૂર્યનમસ્કાર, ધનુરાષન વગેરે યોગના આસનો કરવા. (પોતાની તબિયત અને શક્તિ અનુસાર કરવા જરૂરી) સૂવા-ઉઠવા જમવાના સમય ચોક્કસ રાખવા.

જંકફૂડ (તળેલા, વધુ સાકર, મીઠાવાળા પદાર્થ) ત્યજી શાકભાજી, ફળો વધુ લ્યો. ડાયાબીટીઝ વાળાએ મીઠા ફળો એકાદ ચીરીથી વધુ ન લેવા, બની શકે તો ટાળવા. તેમને માટે મિઠાઈ કે સાકરવાળી ચા પીવા કરતાં ફળ સારા. ફળમાંથી વિટામિન મિનરલ્સ મળશે જે ફાયદો કરશે. દઢ નિશ્ચયથી વજન ઘટાડવા પ્રયત્ન કરવાથી વજન ઘટશે.

**૨) બદહજમી અને કબજીયાત :** તબીબી સંશોધન જણાવે છે કે આપણા દેશના ૧૪% લોકો કબજીયાતની તકલીફના દરદી છે. તે દરદીઓ ટોઈલેટમાં ૧૫-૩૦ મિનિટ કે તેથી વધુ સમય બેસીને પેટ સાફ થાય તેની રાહ જોતાં હોય છે. બદહજમી અને કબજીયાત હૃદયરોગના હુમલા માટે પણ ભુમિકા તૈયાર કરે છે. કારણકે પેટ સાફ થાય તે માટે આ દરદીઓ ટોઈલેટમાં વધુ જોર કરે છે અને એથી પેટની ઉપર રહેલ ઉદરપટલ પર દબાણ આવે છે જેનાથી હૃદય પર દબાણ આવે છે અને હૃદયને લોહી પહોંચાડતી નસો દબાય છે અને હૃદયરોગનો હુમલો આવવાની શક્યતા વધી જાય છે. નસોમાં મોટા બ્લોક હોય અને હૃદયની નસો પર દબાણ આવે તો હૃદયરોગનો હુમલો આવે છે. માટે પેટ સાફ ન આવે તો નકામું જોર ન કરવું. એરંડભ્રષ્ટ હરડે, એરંડિયું કે ક્રિમાફીન જેવી દવા લેવી. પાણી પીવાનું વધારવું, શાકભાજી, રેષાવાળા પદાર્થ વધુ લેવા, બેઠાડુ જીવન ત્યજવું. બીજા શહેરો કરતાં મુંબઈમાં આ રોગના દર્દી વધારે છે. કબજીયાતથી ગેસ, બેચેની અને લાંબા ગાળે મૂળવ્યાધ (પાઈલ્સ) ફીસર્સ (સંડાશની જગ્યાએ ચીરા પડવા) હરણીયા અને અમ્બીલીકલ હરણીયા (નાભીનું હરણીયા) વગેરે તકલીફો થાય છે. (* કબજીયાત વિશે પૂર્ણ માહિતી માટે વાંચો પ્ર.શ. અંક ૪૯ તા. ૫ થી ૧૧ ડિસેમ્બર

## -: શ્રદ્ધા સુમન :-



જન્મ :
૩૦-૦૯-૧૯૬૧

અરિહંત શરણ :
૨૩-૦૭-૨૦૧૭

### શ્રી ઉપેન્દ્ર કાંતિલાલ ખીમજી ગોસર

**બારોઈ - દાદર**

સૌમ્યશીલ, સરળ, પ્રેમાળ, લાગણીશીલ, ધર્મનિષ્ઠ, તપોનિધિ એવા ઉચ્ચ આત્મા **શ્રી ઉપેન્દ્રભાઈ** ના અવસાન બદલ સંઘને ન પુરી શકાય તેવી ખોટ પડેલ છે.

તેઓ ગોએરસમા-બારોઈ ગામની સુશુપ્ત અવસ્થાને જાગૃત કરવા એ અભિયાનમાં તન-મન-ધન થી જોડાઈ ગયા હતા. અને બન્ને ગામને નવું મહાજન એટલે કે સંયુક્ત મહાજનનું સ્વરૂપ આપવાનું પાયારૂપી કામ કરેલ. હાલમાં તેઓ માનદ્ મંત્રી તરીકે સેવા આપતા હતા. તેઓ અમારા ગામના ગૌરવ સમાન હતા. તેઓએ ઘણી સંસ્થાઓમાં પણ સેવા આપેલ છે. અને હાલમાં શ્રી અનંતનાથજી ટ્રસ્ટમાં ટ્રસ્ટી તરીકે સેવા આપી રહ્યા હતા.

ધર્મપ્રેમી એવાશ્રી ઉપેન્દ્રભાઈએ ઉપદ્યાન તપ તેમજ અન્ય ઘણા તપો કરેલ, ૯૯ જેવી ઘણી જાત્રાઓ તેમજ પાલિતાણાની છ'ગાંવની સળંગ ૩૬ જાત્રાઓ કરેલ. પરિવાર તરફથી મળેલ ધર્મના સંસ્કારનો તેમણે પોતે ઉપયોગ કરેલ અને અનેક સંઘોને પણ લાભ આપેલ.

ગોએરસમા-બારોઈ સંઘે તેમના અવસાનથી ખુબજ દુઃખની લાગણી અનુભવી છે, તેમના પરિવાર ઉપર આવી પડેલ આ દુઃખમાં પ્રભુ તેમને શક્તિ આપે તેમજ પરમાત્મા તેમની આત્માને મોક્ષગામી બનાવે અને પરમશાંતિ આપે એવી પ્રાર્થના.

**લી.**

**શ્રી કચ્છી દશા ઓશવાલ જૈન જ્ઞાતિ**
**મહાજન ગોએરસમા - બારોઈ**
**ટ્રસ્ટીઓ પદાધિકારીઓ તેમજ કારોબારી સભ્યો વતી**
**પ્રમુખશ્રી ધનપતી કુંવરજી મોમાયા**

પાનું ૮-૯-૧૦)

**૩) કેન્સર અને આદુ :** કેન્સર રોકવા માટે તેમજ ઈલાજ માટે મીશીગન યુનિવર્સીટીના અભ્યાસમાં જણાયું છે કે કેન્સર માટે આદુ એ કુદરતી ઉપચાર છે. એમાં કાંઈ નુકશાન કે આડઅસર નથી. કેન્સરના કોષોને નાબુદ કરવામાં આદુ કેમોથેરપી કે રેડીએશન થી વધુ અસરકારક જણાયું છે. આમેય આદુ અને સૂંઠ બધા રોગોની દવા છે એ હકીકત છે. આદુમાં મેથી, જેષ્ઠીમધ, રાજગરો અને શિવામ્બુની જેમ કુદરતી સ્ટેરોઈડ છે. જ્યારે દરદી સીરીયસ હોય, જીવન-મરણનો સવાલ હોય કે બિમારી ખુબ વધી ગઈ હોય ત્યારે ડૉક્ટર સ્ટેરોઈડની ગોળી કો ઈજેક્શન આપે છે અને પેશન્ટ સારો થાય છે પણ આ સ્ટેરોઈડની આડઅસર થાય છે જ્યારે આદુ અને આ ચીજોમાં કુદરતી સ્ટેરોઈડ છે એટલે આડઅસર નથી થતી.

**કેન્સર માટે આદુનો ઉપયોગ :** (૧) એક કાચની બરણીમાં આદુ કતરણ બરાબર ડૂબે તેટલું અસલી ખાત્રીવાળું મધ નાખી હલાવવું અને વાપરતી વખતે આ મિશ્રણ હલાવી રોજ ૧ ટેબલ સ્પૂન (૩ ચમચ) દિવસમાં ચાર વખત લેવું, (૨) સૂંઠ પાવડર-૧૦૦ મિ.ગ્રા. થી ૨ ગ્રામ સુધી એટલે કે સવાર સાંઝ જમ્યા પછી ૧/૨ ચમચી બેવખત લેવું (5ml વાળી ચમચી વાપરવી, નાની નહીં) આ પ્રયોગ સ્તન કેન્સર માટે કરાયો અને તે કેમોથેરપી કરતાં હજારગણું લાભદાયી જણાયું છે.

**કોણે આદુ - સૂંઠ લેવામાં સંભાળ રાખવી કે ન લેવું :** ૧) જેમને લોહીના ડીસઑર્ડર હોમ જેવા કે હીમોફેલીયા કે રક્તસ્ત્રાવની તકલીફ હોય. ૨) વારફેરીન નામની ગોળી લેતા હોય. ૩) એન્ટીકોએગ્યુલેન્ટ દવાઓ (લોહી ગંઠાય નહી તેની દવા). ૪) બીટ્રાબ્લોકર દવા (હાય બી.પી., હૃદય રોગની દવા). ૫) ઈન્સ્યુલીનના ડોઝ લેતા હોય. ૬) સગર્ભા સ્ત્રીઓએ ખાસ કરીને છેલ્લા ૩ મહિના. ૭) કોઈપણ ઑપરેશન કરાવવું હોય તે પહેલા એક અડવાડીયું સૂંઠ ન લેવાય. ૮) જેમનું વજન ખૂબ જ ઓછું હોય.

અમુક પ્રયોગોમાં જણાયું કે બ્લડ કેન્સર, ગર્ભાશયના કેન્સરમાં કેમોથેરપી-રેડિએશન કરતાં પણ આદુ-સૂંઠ ઘણા ફાયદાકારક સિધ્ધ થયા છે.

કેન્સર જેવી બિમારી ન હોય, નિરોગી હોય કે અન્ય કોઈ બિમારી હોય તે પણ નિયમિત આદુ અને સૂંઠનો ઉપયોગ કરી ફાયદા મેળવી શકે. એક કાચની નાની બાટલીમાં આદુની કતરણ લીંબુનો રસ અને સિંધવનમક મિક્સ કરી ફ્રીજમાં રાખવું અને દરરોજ જમવાના ૧૫ મિનિટ પહેલાં નાની એક ચમચી આ આદુ ખાવાથી સારી ભૂખ લાગશે. ખાવાનું પચશે અને આરોગ્ય સારું રહેશે. તેમજ જમ્યા પછી નાની એક ચમચી સૂંઠ ખાવાથી આરોગ્યની મોટા ભાગની તકલીફો થતી નથી. હાઈ બી.પી. અને હૃદયરોગીએ સિંધવનમક નાખ્યા વગર જ વાપરવું.

(ક્રમશઃ)


રાજશ્રી યોગા અને ફેટ ફ્રી ઝોન-
છેલ્લા ૨૪ વર્ષોથી શારીરિક અને માનસિક તંદુરસ્તીના ક્ષેત્રમાં સર્વોત્તમ, સર્વશ્રેષ્ઠ અને સર્વોપયોગી...

Rajshree Yoga & Fat Free Zone
Weight and Health Management Center
Since 1994

જો તમે બધુંજ ટ્રાય કરી લીધું છે છતાંય વજન ક્યાંય ઉતરતું નથી અથવા ઉતર્યા પછી પણ ચડી જાય છે,તો એકવાર અમારી મુલાકાત જરૂર લેવી.




120kgs    78kgs

વજન ઘટાડવા માટે મને બહુ પૈસા નહોતા ખર્ચવા કારણકે મને બીજા ઘણા ખર્ચા હતા. એટલે મેં ટુકડે ટુકડે ઘણું ખર્ચ કર્યું. પણ મારુ વજન ૫-૬ કિલો ઉતરતું અને એનાથી વધુ ચડી જતું. મેં હર્બલ લાઈફ, જીમ, ડાયટ, વોક દરેક શક્ય વસ્તુથી પરિણામ મેળવવાની કોશિશ કરી. પરંતુ અંતે બધે નિષ્ફળતા જ મળી. આ વજનના લીધે મને પીઠમાં સખત તકલીફ થઇ જેના પરિણામે હું ન ઓફિસ માં બેસી શકતો કે ન કામ કરી શકતો જેથી મને બહુ સારી જોબ છોડવી પડી હતી. છેવટે હું રાજશ્રી યોગામાં આવ્યો અને મેં ૪૨ કિલો અને ૨૭૬ ઇંચ ઘટાડ્યા. મારી પીઠતો દુખવાની બંધ થઇ ગઈ અને મારુ વજન પણ વધવાનું બંધ થઇ ગયું. રાજશ્રી યોગાની એ જ મોટી ખાસિયત છે કે અહીં ઉતારેલું વજન ફરી ચડતું નથી. એમના પાસે વજન મેઈન્ટૈઈનનો જે પ્રોગ્રામ છે તે બીજા કોઈની પાસે નથી.

*-વિરેન (7021758116)*

**Contact:-** 9699966266 / 24104142
**Visit:-** www.rajshreeyoga.com
**Email:-** rajshreeyoga@gmail.com

# શ્રધ્ધાંજલિ







જન્મ :
તા. ૩૦-૦૯-૧૯૬૧

અરિહંત શરણ :
તા. ૨૩-૦૭-૨૦૧૭

## શ્રી ઉપેન્દ્ર કાંતિલાલ ખીમજી ગોસર

**બારોઈ - દાદર**
**ટ્રસ્ટી - શ્રી અનંતનાથજી ટ્રસ્ટ**

સત્કાર્યો અને સત્કર્મોની સુવાસ ફેલાવી
ધર્મમય તથા સેવામય જીવન જીવી જનારા
આપની વિદાયથી જ્ઞાતિ, ગામ અને સમાજને મોટી ખોટ પડી છે.
આપના પરિવાર ઉપર આવી પડેલા આ કારમા આઘાતને
સહન કરવાની પરિવારજનોને શક્તિ પ્રાપ્ત થાય એવી પ્રાર્થના.

**અનંતનાથ દાદા એમના આત્માને પરમ શાંતિ અર્પે એજ અભ્યર્થના....**

**શ્રી અનંતનાથજી મહારાજ જૈન દેરાસર અને તેના સાધારણ ફંડો**
**ટ્રસ્ટીગણ તથા સ્ટાફ**

**શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજન, મુંબઈ**
**પદાધિકારીઓ, વ્યવસ્થાપક સમિતિના સભ્યો તથા સ્ટાફ**

# અનંત આરોગ્ય નિધી – દેવલાલી

શ્રીમતી માલતીબેન જયંતીલાલ ભવાનજી સેનેટરીયમ, લામ રોડ, ટોલ નાકા નં. ૬,
દેવલાલી, નાશીક -૪૨૨ ૦૦૧. E-mail : dharamshi@gmail.com

## પધારો ! પધારો ! પધારો ! પધારો ! પધારો !

અતિ આનંદ સાથે જણાવવાનું કે, દેવલાલી (નાસિક) મધે, **અનંત આરોગ્ય નિધિ** સંચાલિત **શ્રીમતી માલતીબેન જયંતિલાલ ભવાનજી સેનેટરીયમમાં શિખરબંધ દેરાસર** નિર્માણ થઈ રહ્યું છે.

યોગાનુયોગ અમને નિશ્રા મળી છે **તપચક્રવર્તી અચલગચ્છાધિપતિ પ.પૂ. આ.ભ. ગુણોદયસાગરસૂરીશ્વરજી મ.સા.** તથા **પ.પૂ. આ.ભ. શ્રી વીરભદ્રસાગરસૂરીશ્વરજી મ.સા.** આદિ ઠાણા ૮. જ્યારે અમારા દેરાસરના નિર્માણ માટે પ્રેરણાદાતા છે, તપસ્વીરત્ન અચલગચ્છાધિપતિ **પ.પૂ. આ.ભ. શ્રી ગુણોદયસાગરસૂરીશ્વરજી મ.સા.**ના આજ્ઞાનુવર્તીની **પ.પૂ. જયલક્ષ્મીશ્રીજી મ.સા.**ના સુશિષ્યા **પ.પૂ. જયદર્શિતાશ્રીજી મ.સા.** તથા **પ.પૂ. હિમાંશુશ્રીજી મ.સા.**

લગભગ ૧૮ મહિનાના અથાગ પ્રયત્ન પછી, અમે દેરાસર માટેની જરૂરી મંજુરી મેળવવામાં સફળ થયા છીએ. અને આપણું પોતાનું ક.દ.ઓ.નું દેવલાલી મધે વિશેષ પ્રભુત્વવાળું દેરાસર જે નવ ગ્રહના નવ ભગવાનથી સ્થાપિત થઈ રહ્યું છે. વિશેષ પ્રભુત્વ એટલા માટે કે નવે નવ ગ્રહના **ભગવાનની સ્થાપના** થઈ રહી છે જે બીજા સામાન્ય દેરાસર કરતાં કંઈક અનન્ય રહેશે.

**આ સોનેરી અવસર માણવા આપ સર્વેને ભાવભર્યું આમંત્રણ આપવામાં આવે છે.**

જિંદગીમાં ઘણાજ પરિવારની ભગવાન પધરાવવાની ઈચ્છા રહે છે. જેના માટે આ એક સુંદર અને ઉત્કૃષ્ઠ મોકો છે. મુંબઈથી ફક્ત ૧૬૦ કિ.મી. ના અંતરે આપ આપના પોતાના દેરાસરના પ્રતિમા પધરાવી ગમે ત્યારે દર્શન વંદન કે પૂજા પાઠના લાભ લઈ શકો છો. **ભગવાન પધરાવવા દાતાઓ આવકાર્ય છે.**

આપણો પોતાનો જ આરોગ્યધામ હોવાથી રહેવાની સંપૂર્ણ સગવડ રહેલ છે. તદ્ઉપરાંત બીજા ૧૬ રૂમની પણ અત્યાધુનિક નવા બનાવવાની મંજુરી મેળવી લીધી છે.

**તા. ૧૪-૮-૨૦૧૭ના શિલાન્યાસ કરાવવામાં આવશે. ૯ શિલા માટેનો નકરો રાખવામાં આવ્યો છે. જે પરિવારની ઈચ્છા હોય તે સંપર્ક સાધી શકે છે.**

તદ્ઉપરાંત આપણી ૧૨ રૂમો સંપૂર્ણ સુવિધાઓથી ભરપૂર, વ્યવસ્થિત સંચાલન થઈ રહ્યું છે.

આજની જરૂરત પ્રમાણે હજી પણ રૂમોની જરૂરત લાગતા અત્યાધુનિક નવિન ૧૬ રૂમોનું નિર્માણ થઈ રહ્યું છે. **રૂમો માટે દાતા આવકાર્ય છે અને સંપર્ક કરી શકે છે.**

આરોગ્ય માટે બનાવવામાં આવેલ ધામ સાથે હવે ઉત્કૃષ્ઠ ભક્તિ પૂજા-પાઠ દેરાસરનો પણ સંકુલમાં લાભ લઈ શકાશે.

**આપની સહકારની અપેક્ષા સાથે....**

**સંપર્ક : મો. 09820329441 / 09821050362**

લિ.

## અનંત આરોગ્ય નિધી – દેવલાલી

**સંચાલિત**

**શ્રીમતી માલતીબેન જયંતીલાલ ભવાનજી સૅનેટરીયમ**

## સમાચાર સંકલન

સંસ્થા સમાચાર | જ્ઞાતિ સમાચાર | વતન સમાચાર

**જ્ઞાતિને સ્પર્શતા સમાચારો ટૂંકમાં પાનાની એક બાજુએ સારા અક્ષરે કાર્યક્રમ પૂર્ણ થાય કે તરત લખી મોકલવા વિનંતી.**

### શ્રી મહાકાળી જૈન મિત્ર મંડળ ભારતનગર

૨૫-૬-૨૦૧૭ના શ્રી મહાકાળી માતાજીની ભાવના શ્રી અચલગચ્છ જૈન સંઘ ગાંધીધામવાળા તરફથી શ્રી ક.દ.ઓ. જૈન મહાજન વાડી ભારતનગર મધ્યે રાખવામાં આવેલ. તેમાં સારી સંખ્યાએ લાભ લીધેલ. ભાવનામાં જેસંલભાઈ દંડ, પ્રદીપભાઈ ખોના, શામજીભાઈ છેડા તથા ભક્તીબેન મોમાયા, નિલમબેન દંડ તથા નુતનબેન, પ્રીતીબેન કુરૂવા તથા કલ્પનાબેન લાલકાએ સારી રમઝટ જમાવી.

કાંન્તીલાલભાઈ લાલકા, અખીલ લોડાયા, ઉદયભાઈ મુનવર તથા જયંતભાઈ લોડાયાએ સારી રમઝટ જમાવેલ. પ્રીતીબેન કુરૂવા ચામર થી રમઝટ જમાવેલ.

### અમરાવતી સમાચાર

રાયપુરમાં ૨૬ દિવસ ચોમાસાના પુર્ણ કરી એપ્રિલ મહિનામાં પૂ. સાધ્વીજી સંયમગુણાશ્રીજી મ.સા. તથા પૂ. સાધ્વી શ્રુતગુણાશ્રી અમરાવતી પધારેલ અને સુંદર ધર્મ આરાધનાનો લાભ સંઘને આપેલ. સંઘની વિનંતીથી ૨૬ દિવસનું રોકાણ કરેલ. શ્વેતાંબર બડા મંદિરમાં અચલગચ્છ તથા ખરતર ગચ્છ આરાધના કરે છે ત્યાં બાર દિવસ રોકાયા. આ દરમ્યાન કલાક નવકારનો જાપ તથા સવા કલાક વિમલનાથ સ્વામીના જાપ કરાવેલ. કચ્છી જૈન સમાજ તરફથી મહાકાલી માતાનું પૂજન તથા ગૌતમ પ્રસાદી રાખેલ. ત્યારબાદ દાદાવાડી વાસુપુજ્ય દેરાસરમાં બીરાજમાન થયેલ. નવ દિવસના આયંબીલ રાખેલ હતા જેનો સારી સંખ્યામાં શ્રાવકોએ લાભ લીધો. ૧૯/૪ ના પુજા તથા ધજા ચઢાવવામાં આવી. ૨૦/૪ ના સાધ્વીજીઓ એ વિહાર કર્યો.

### માનવતા ગ્રુપ ડોંબીવલી

ક.દ.ઓ. તથા ક.વિ.ઓ. જ્ઞાતિમાં ડોંબિવલી થતા અરિહંત શરણ થતા તેમની અંતિમ ક્રિયાની નિઃશુલ્ક પણે કરે છે. તથા આરીમાનીની વ્યવસ્થા નિઃશુલ્ક થાય છે. તથા જરૂરીયાતમંદ પરિવારને દર મહિને રૂા. ૧૦૦૦/-ની દવાની સહાય કરે છે. તથા માંદગી પલંગ, એરબેડ, વોટર બેડ, યુરીન પૉટ, ખુરશી, વોકર, લાકડી વગર ભાડે ફક્ત ડીપોઝીટથી વાપરવા મળે છે. સંપર્ક : ખુશાલ ગડા - 92235 37517, બિપીન નાગડા - 98205 15665, તિલકચંદ મૈશેરી - 93211 91149, વિજય છેડા - 93234 08332, રોબીન છેડા - 98210 18888, કલ્પેશ ધરમશી - 97029 72525, જિગ્નેશ સાવલા - 98205 68500, રમેશ મોમાયા - 93247 64700, અરવીંદ શાહ.

### શ્રી ક.દ.ઓ. જૈન યુવક મંડળ - ગાંધીધામ

શ્રી ક.દ.ઓ. જૈન યુવક મંડળ - બૃહદ ગાંધીધામ વિસ્તારની નીચે મુજબની નવી કારોબારી સમિતીની રચના કરવામાં આવેલ છે.

પ્રમુખ - હિતેન સુર્યકાંત છેડા, ઉપપ્રમખો - અમિત ચંદ્રકાંત નાગડા, સાગર દિલીપ મોમાયા, માનદમંત્રી - અનિષ અશોક લોડાયા, સહમંત્રી - રાહુલ વિરચંદ લોડાયા, ખજાનચી - વિરાજ વિરચંદ મૈશેરી, સહ ખજાનચીઓ - પિયુષ ચાંપશી લોડાયા, અમિત કાંતીલાલ મોતા, કો.ઑપ્ટ સભ્યો - વિશાલ સુનીલ લોડાયા, દિપેન મધુકાંત લોડાયા, સાગર મનોજ લોડાયા, દિપેશ દિપક ખોના, સભ્યો - સંદીપ ચંદ્રકાંત લાલકા, હર્ષલ સુનીલ લોડાયા, જીગર પંકજ દંડ, ધવલ અતુલ મોતા, ભુમિકા રમેશ મોમાયા, માનશી ભાવેશ કુરૂવા, અક્ષી લહેરચંદ લાપશીયા, કોમલ મહેશ લોડાયા.

સાર્થક મંડળનો આગામી કાર્યક્રમ સરસ્વતી સન્માન ૦૬-૦૮-૨૦૧૭ના રોજ ૯.૩૦ કલાકે થી નેકસ્સ કલ્બ, સિંધુ ભવન, ગાંધીધામ મધ્યે છે.

### નામ બદલ્યું છે

**યુગ રાજેશ શાહ** (રાજકોટ - નલિયા)નું નામ બદલીને **યુગ નેહા ખોના** (ભાંડૂપ - રંગપુર) કર્યું છે. (ગેઝેટ)


ઉત્તમભાઈ કલ્યાણજી ખોના (શાહ) • કૌશલ ઉત્તમભાઈ ખોના (શાહ)

મો. 098225 30391 મો. 088057 55551

યુ. કે. ખીમજી એન્ડ કું. હળદર - જનરલ વ્યાપારી

વસંત માર્કેટ યાર્ડ, સાંગલી, મહારાષ્ટ્ર.



કલા - કસબ અને કલરનો અનોખો સમન્વય

જ્યોતિ સિલ્ક સાડી એમ્પોરીયમ

Sachi Jari maate real nam

૨૮, ગની મેન્શન, અરોરા થિયેટર પાછળ, માટુંગા (સે.રે.), કિંગ્સ સર્કલ, મુંબઈ-૪૦૦ ૦૧૯.

Tel.: 2404 3995 / રવિવારે બંધ Sunday Closed

Originally at Zaveri Bazar since 1976

## કે.ડી.ઓ. ક્લાસીક દ્વારા પીકનીક



કે.ડી.ઓ. ક્લાસીક દ્વારા ૨૩-૭-૨૦૧૭ના રોજ મયુરવન રીસોર્ટ વાડા, પીકનીક મનાવવા ગયા હતા. જેમાં ૮૩ જેટલા સભ્યો જોડાયા હતા. સુંદર રીસોર્ટમાં રેઈન ડાન્સ, સ્વીમીંગ અને ગેમ્સનો આનંદ માણ્યો હતો. પ્રમુખ એડ. મીનલબેન ખોના, મંત્રી ચંદ્રિકાબેન લોડાયા, ઉપપ્રમુખ સરસ્વતીબેન લાપસીયા તથા અન્ય સૌ પદાધિકારીઓ એ આ માન્સૂન પીકનીકને આનંદદાયક બનાવવા જહેમત લીધી હતી.

## માલદે અને લોડાયા પરિવારનું ગૌરવ



ગામ : **દલતુંગી**

હાલ : **ડોંબિવલી**

### ચિ. વિશાલ ગુણવંત માલદે

મોમાઈ મા ની અસીમ કૃપાથી તથા વડીલોના આર્શીવાદ થી C.A. ની પરીક્ષામાં ઉત્તીર્ણ થયેલ છે અને શૈક્ષણિક કારકિર્દીનિ યશસ્વી બનાવેલ છે.

**જીવનના દરેક ક્ષેત્રે પ્રગતિના શિખરો ચૂમે એવી શુભેચ્છાઓ....**

| | |
|---|---|
| દાદાણા | : **રતનબેન શામજી માલદે** |
| નાનાણા | : **લીલબાઈ લાલજી લોડાયા** |
| માતા-પિતા | : **જયશ્રીબેન ગુણવંત માલદે** |
| બેન-બનેવી | : **અનિતા જીતેન લાપસિયા** |
| | **દિપ્તી વિશાલ દંડ** |
| | **મીના ભાવિન લોડાયા** |
| ભાણેજ | : **પ્રિશા, સ્મિત, માહી** |

## પાસ થયા અભિનંદન

**નોંધ :** જ્ઞાતિના S.S.C. કે તેથી ઉચ્ચ પરીક્ષામાં પાસ થનાર સૌના પરિણામ અને ફોટા આ કૉલમમાં બ્લૅક ઍન્ડ વ્હાઈટમાં વિના મૂલ્યે છપાય છે.



**રજત ગૌતમ લોડાયા**
નલીયા - સીહોર (M.P.)
B.C.A. **70%**



**દિશા અતુલ લાલકા**
ગદગ - વારાપધ્ધર
B.B.A. **76.33%**



**ધ્રુવ ધનેશ શાહ (છેડા)**
ઈંદોર (M.P.)
11th **78.40%**



**વિશાલ ગુણવંત માલદે**
દલતુંગી - ડોંબિવલી
**C.A.**



**રજત ગૌતમ લોડાયા**
નલીયા - સીહોર (M.P.)
B.C.A. **70%**



**ચાંદની ધનેશ શાહ (છેડા)**
ઈંદોર (M.P.)
CA & CS,
L.L.B. (5th Semi) **60%**



**સુરભિ ધનેશ શાહ (છેડા)**
ઈંદોર (M.P.)
M.S. (U.S.A.)
**Grade A**



**અદિતી કિરણ માલદે**
દલતુંગી - ડોંબિવલી
H.S.C. & C.P.T.
**86.62%**



**ઉમંગ યોગેશ જૈન**
ઈંદોર (M.P.)
S.S.C. (CBSE) **93%**
(C.G.P.A.) **9.8**

**નિશિકા મનીષ જીવાણી**
અમરાવતી
11th
**80%**

**ચાર્મી ધનપતી રતાણી**
ચાલીસગામ (તેરા)
S.S.C.
**87%**

## નવા/બદલાયેલા સરનામા/ફોન – (પુરું નામ અને નવું સરનામું મોકલવાની સાથે જુનું રદ કરવાનું સરનામું અવશ્ય જણાવવું)

| | |
|---|---|
| **કાંતીલાલ આણંદજી નાગડા** (PS 431) | જી-૭, પ્રતાપ નગર, સક્કર પંચાયત હૉલની પાછળ, આર.એ. કીડવાઈ રોડ, વડાલા, મુંબઈ-૪૦૦ ૦૩૧. |
| **ભરત ગુલાબચંદ ધુલ્લા** (PS 977) | ૨૩, વનમાળી બિલ્ડીંગ, ૩જે માળે, પ્લોટ નં. ૮૬, ગારોડીયા નગર, ઘાટકોપર (ઈસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૭૭. મોઃ ૦૯૩૨૩૮ ૦૮૩૫૪ |
| **સિધ્ધાર્થ ઝવેરચંદ મોતા** (PS 176) | ૪૦૧, સનબીમ, સ્વસ્તિક પાર્ક, ભાંડુપ વિલેજ રોડ, નાહુર (વેસ્ટ), ભાંડુપ (વેસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૭૮. |
| **કાંતીલાલ લખમશી વિકમશી** (PS 1666) | ૧૦૨, મુકેશ એપાર્ટમેન્ટ, બી.પી. ક્રોસ રોડ નં. ૨, દેવીદયાલ રોડ, મુલુંડ (વેસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૮૦. મો.: ૦૯૮૩૩૦ ૬૮૮૮૧ |
| **જીગ્નેશ નરેન્દ્ર મૈશેરી** (PS 7319) | ૭૦૩, બી-૨, વિકસાર, કંચન પુશ કોમ્પલેક્સ, સૂરજ વૉટર પાર્કની સામે, જી. બી. રોડ, થાણે (વેસ્ટ) - ૪૦૦ ૬૦૭. મો.: ૦૯૮૭૦૨ ૪૮૭૯૬ |
| **કિશોર રાયમલ નાગડા** (PS 5739) | C/o. નેહા ઝાંજડ, ૩૦૧ શ્રીરામ રેસીડેન્સી, રાજયોગ કોલોની, વાલ્હેકરવાડી, અકુર્ડી, પુણે - ૪૧૧ ૦૩૩. મો.: ૦૭૮૯૨૩ ૬૬૭૬૪ |
| **રમેશ લખમશી ધરમશી** (PS 3833) | બી-૧, ૫૦૪, શાંતિ નિકેતન બિલ્ડીંગ, માનપાડા રોડ, ભોપર ગાંવ, શનિ મંદિર પાસે, ડોમ્બીવલી (ઈસ્ટ) - ૪૨૧ ૨૦૧. |
| **શ્રીમતી વીણા દિપક પીર (લોડાયા)** (PS 3908) | ૩૦૨, શંખેશ્વર પામ બિલ્ડીંગ ૧સી, કુંભારખન પાડા, શિવાજી નગર, ડોમ્બીવલી (વેસ્ટ) - ૪૨૧ ૨૦૨. મો. : પુનીત ૭૨૦૮૬ ૫૧૦૦૩ |
| **જવેરચંદ જે. લાલકા** (PS 6521) | ૩, નંદનવન એપાર્ટમેન્ટ, નંદનવન બેંક કોલોની, સીસ્ટેલ સ્કૂલ પાસે, વાડી બોકર રોડ, ધુલે - ૪૨૪ ૦૦૨. |
| **જયંતીલાલ જેઠાભાઈ મૈશેરી** (PS 6770) | તેલી ભવન સામે, મુંબઈ ગલી, અમલનેર - ૪૨૫ ૪૦૧. મો. : જયંતીલાલ ૦૯૩૨૨૮ ૦૨૨૨૫, જયવંતીબેન ૦૯૩૨૧૨૧૭૯૭૯ |
| **સંજય પદમશી ખોના** (PS 7033) | ખોના હોસ્પીટલ, આઈઓએલ પેટ્રોલ પંપ પાસે, જીલ્લો - વાશિમ, માંગરોળ પીર - ૪૪૪ ૪૦૩. |
| **કાંતિલાલ દામજી મોતા** (PS 5312) | હાઉસ નં. ૧-૫-૯૦૭, સિધ્ધાર્થ એપાર્ટમેન્ટ, ફ્લેટ નં. ઈ-૧૦૨, મારૂતી નગર, જૈન મંદિર પાસે, કોઠાપેટ, હૈદરાબાદ-૫૦૦ ૦૬૦. મો.: સુશીલાબેન ૦૯૩૯૨૪ ૨૦૮૯૦ |
| **શ્રીમતી રંજના પ્રતાપ મોમાયા** (PS 5512) | સી-૧૧૦૧, પુલીત્ઝર, પુરવા ફાઉન્ટેન સ્કેવર, વાર્થર રોડ, માર્થાહલ્લી, બેંગલોર - ૫૬૦ ૦૩૭. |
| **શ્રીમતી જોશના કીરીટ લોડાયા** (PS 5665) | નં. ૭૫૪/૧, જુમ્મા મસ્જીદ ગલી, હલેમને કટ્ટી કમ્પાઉન્ડની સામે, દોડ્ડાપેટ ક્રોસ, દાવણગીરી - ૫૭૭ ૦૦૧. મો.: ૦૯૮૪૪૪ ૦૬૪૨૫ |

## જીવનચક્ર

### જન્મ

| | | | | |
|---|---|---|---|---|
| ૧૭-૦૨-૧૭ | થાણા | રીશીતા, નીતલ બ્રેવલી કુલીન ખોના | મોટી ખાવડી | પુત્રી |
| ૦૭-૦૪-૧૭ | મુલુંડ | માયરા, દિશા નયન ચંદ્રકાંત મૈશેરી | સાંધાણ | પુત્રી |
| ૧૯-૦૬-૧૭ | અમદાવાદ | ચાર્વી, યેશા દર્શીન દૌલત (ધુલ્લા) | સુથરી | પુત્રી |
| ૨૯-૦૬-૧૭ | ડોમ્બીવલી | ટ્વીશા, નેહા નિખીલ શીયાડ | દલતુંગી | પુત્રી |

### આંતરજ્ઞાતિય સગપણ

| | | | | |
|---|---|---|---|---|
| ૨૫-૦૭-૧૭ | વિલે પાર્લે | હર્ષ શરદ નાથાલાલ લોડાયા | મોટી ખાવડી | ૩૧ |
| | જોગેશ્વરી | પૂજા ડૉ. શીલવંત બેચન પટેલ | જોગેશ્વરી | ૨૮ |
| ૨૫-૦૭-૧૭ | સાયન | પ્રેમ સુનીલ વિષ્ણુ શર્મા | હૈદરાબાદ | ૨૬ |
| | ઘાટકોપર | હેમલ મયુર હીરાચંદ ખોના | જખૌ | ૨૫ |
| ૨૫-૦૭-૧૭ | આણંદ | કુનાલ નિતીન જવેરચંદ ધરમશી | મંજલ રેલડીયા | ૩૫ |
| | ધમતરી | પ્રણનીતા રવીન્દ્રરાવ માને | ધમતરી | ૩૫ |

### મરણ

| | | | | |
|---|---|---|---|---|
| ૨૧-૦૭-૧૭ | મુલુંડ | અરવીંદ રાયચંદ લોડાયા | નાની ખાવડી | ૬૪ |
| ૨૪-૦૭-૧૭ | ડોમ્બીવલી | અરવીંદ જેઠાલાલ શીવજી લાપસીયા | રંગપુર | ૫૩ |
| ૨૫-૦૭-૧૭ | દાદર | ઉપેન્દ્ર કાન્તીલાલ ગોશર | બારોઈ | ૫૫ |
| ૨૭-૦૭-૧૭ | મસ્જીદ | કસ્તુરબાઈ ચીમનલાલ લોડાયા | બાયઠ | ૭૭ |
| ૨૭-૦૭-૧૭ | ભાવનગર | સ્મીતા અજીત લાપસીયા (મઢડાવાલા) | નલીયા | - |
| ૨૮-૦૭-૧૭ | ગાંધીધામ | લલીત વિરચંદ માંયા (શાહ) | સુજાપુર/આદીપુર | ૫૮ |

|| શ્રી અનંતનાથાય નમઃ ||

# શેઠશ્રી નરશી નાથા મેડીકલ ટ્રસ્ટ

[Regd. under Bombay Public Trust Act. 1950 Reg. No. E-11572 (BOM) Dated 24-2-1988]



સ્કીન કેર
હેર કેર સેમિનાર
કેમ્પ - ૨૦૧૭

## સ્કીન કેર - હેર કેર સેમિનાર કેમ્પ - ૨૦૧૭

૧. સ્કીન ફંગલ ઇન્ફેક્શન, પીમ્પલ્સ, પીગમેન્ટેશન, હેરફોલ, ફેઇરનેશ, ડેન્ડ્રફ.
૨. હેલ્થી ગ્લોવીંગ સ્કીન માટેની સરળ ઉપાયો.
૩. રૂટીન સ્કીન કેર અને હેર કેર
































# Anant Pathology Lab

Managed by

SHETH SHRI NARSHI NATHA MEDICAL TRUST

[Regd. under Bombay Public Trust Act. 1950 Reg. No. E-11572 (BOM) Dated 24-2-1988]

### શેઠશ્રી નરશી નાથા મેડીકલ ટ્રસ્ટ દ્વારા

## અનંત પેથોલોજી લેબનું રાહત દરે મુલુન્ડમાં શુભારંભ

શેઠશ્રી નરશી નાથા મેડીકલ ટ્રસ્ટ દ્વારા સંચાલિત અનંત પેથોલોજી લેબનું શુભારંભ રવિવાર, તા. ૧૬.૦૭.૨૦૧૭ના રોજ સવારે ૯ કલાકે લોકાર્પણ થયું. જેમાં જ્ઞાતિહિત તેમજ સમસ્ત જૈન અને જૈનેતર સમાજના સર્વે લોકોને રાહતના દરે અત્યાધુનિક મેડીકલ લેબ ટેસ્ટ નિષ્ણાત ડોક્ટરના રીપોર્ટ રહેશે.

વર્તમાનમાં મોંઘવારીના સમયે ભણતર અને સ્વાસ્થ્ય અંગે બીમારી બાબતનો ખર્ચ ખૂબજ મુશ્કેલ હોય છે. માણસ દરેક ક્ષેત્રે સંઘર્ષ જ કરતો હોય છે. ત્યારે અતિ રાહતના દરે મેડીકલ ટેસ્ટ રીપોર્ટ નાત-જાતના ભેદભાવ વગર મળે એ માટે શેઠશ્રી નરશી નાથા મેડીકલ ટ્રસ્ટ તત્પર બન્યું છે.

પ.પૂ. યતિવર્ય શ્રી મોતીસાગરજી ક્ષમાનંદજી મ.સા.ના અભિમંત્રિત વાસક્ષેપ અને શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિય શ્રી યશોધન રાયચંદ કારાણી અને શ્રી તેજશ બંકીમચંદ્ર લાલકાના હસ્તે શુભ મુહૂર્તે શ્રીફળ વધેરી કાર્યક્રમની શુભ શરૂઆત કરી. શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજન મુંબઇના પ્રમુખશ્રી કલ્પેશભાઇ માણેકજી મોતાના વરદ્ હસ્તે અનંત પેથોલોજી લેબનું નામ અનાવરણ થયું. શ્રી હંસકુમાર ભવાનજી અરજણ દ્વારા લેબ રીસેપ્શન રૂમનું ઉદ્‌ઘાટન જ્ઞાતિના આમંત્રિત મહેમાનોની ઉપસ્થિતીમાં થયું. શ્રી ભૂપેન્દ્રભાઇ મુરજી દંડ દ્વારા ટેસ્ટીંગ લેબ રૂમનું ઉદ્‌ઘાટન કરવામાં આવ્યું. શ્રી મણીકાંત હીરજી ધુલ્લાએ જ્ઞાતિશિરોમણી શેઠશ્રી નરશી નાથાને હાર પહેરાવ્યા. શ્રી તરૂણભાઇ રતનશી લોડાયા, શ્રી હરીશભાઇ નરશી ધરમશી તેમજ ઉપસ્થિત અતિથિ વિશેષ દ્વારા દીપ પ્રાગટ્ય થયું. શેઠશ્રી નરશી નાથા મેડીકલ ટ્રસ્ટના ચેરમેન શ્રી હીરાલાલ હંસરાજ ડાઘા સહ તેમના સહયોગી ટ્રસ્ટીગણોમાં અનુક્રમે શ્રી હેમંતભાઇ રમેશ ધુલ્લા, શ્રી જીવરાજભાઇ ગોવિંદજી લોડાયા, શ્રી અમીતભાઇ શાંતિલાલ મોમાયા, શ્રી ચંદ્રેશભાઇ સોમચંદ ડાઘા, શ્રી રીતેશભાઇ કિશોર ખોના (કાયાણી), શ્રીમતી મનીષા ચેતન પોલડીયા, શ્રી નરેન્દ્રભાઇ જેતશી શિયાલ, શ્રી મયુરભાઇ મોતીલાલ લોડાયા, ડો.રાજેન્દ્ર મણીલાલ કુરૂવા અને ડો. હરીશ શામજી લાપસીયાના સથવારે જ્ઞાતિ-સમાજ હિતલક્ષી વિચારધારાનો શુભારંભ થયો.

ઉપસ્થિત આમંત્રિત મહેમાનોમાં શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજન - મુંબઇના વરિષ્ઠ પદાધિકારીઓ તેમજ વિવિધ સંસ્થાઓના પદાધિકારીઓ ઉપસ્થિત રહી કાર્યક્રમની શોભા વધારી હતી.

અનંત પેથોલોજી લેબના ઇન્ચાર્જ ડો. સુજીત સિંઘ અને તેની સંપૂર્ણ ટીમ, શ્રી હીતેશ ભોજરાજ નાગડા, શ્રીમતી મનીષા મિતેશ લાલકા, શ્રી રીતેશભાઇ કિશોર ખોના (કાયાણી), શ્રી હેમંતભાઇ રમેશ ધુલ્લાનો સહયોગ ખુબજ સાંપડેલ.

અનંત પેથોલોજી લેબના શુભારંભ થી લોકાપર્ણ માં ૩૫૦થી અધિક મહેમાનો અને જ્ઞાતિજનો જોડાઇ કાર્યક્રમના સાક્ષી બન્યા હતા.

નજીકના સમયમાં આજ પ્રમાણેની પેથોલોજી લેબ ડોંબિવલી ખાતે શરૂ કરવામાં આવે તે માટેની વિચારણા થયેલ.

જય જય શ્રી અનંતનાથ !!!



## પેથોલોજીના શુભારંભ સાથે સ્કીન કેર - હેર કેર સેમિનાર કેમ્પ - ૨૦૧૭

સ્કીન કેર
હેર કેર સેમિનાર
કેમ્પ - ૨૦૧૭

જય જિનેન્દ્ર ! જય જય શ્રી અનંતનાથ !!

શેઠશ્રી નરશી નાથા મેડીકલ ટ્રસ્ટ જ્ઞાતિજનો સમક્ષ રવિવાર, તા. ૧૬.૦૭.૨૦૧૭ના રોજ સવારે ૧૧:૦૦ થી ૨:૦૦ દરમ્યાન **'સ્કીન કેર અને હેર કેર કેમ્પ - ૨૦૧૭'**નું આયોજન **શ્રી કચ્છી દશા ઓશવાલ સર્વોદય મંડળ, મુલુન્ડ ખાતે** સફળતા પૂર્વક થયેલ. જેમાં વહેલા તે પહેલાના ધોરણે ૫૦ જ્ઞાતિજનોનો નિઃશુલ્ક સમાવેશ કરવામાં આવેલ. ડૉ. હર્ષ શાહ દ્વારા સેમીનારનું આયોજન થયેલ. ઉપસ્થિત જ્ઞાતિજનોએ સ્કીન ફંગલ ઇન્ફેક્શન,ડેન્ડ્રફ, પીમ્પલ્સ, પીગમેન્ટેશન, હેરફોલ, ફેઇરનેશ. હેલ્થી ગ્લોવીંગ સ્કીન માટેની સરળ ઉપાયો. રૂટીન સ્કીન કેર અને હેર કેર ઇત્યાદિ બાબતે જાણકારી અને ઉપાયો મેળવેલ. જ્ઞાતિજનોના ઉત્સાહ અને માંગણીને અનુલક્ષીને અગામી સેમીનાર ડોંબિવલી ખાતે સપ્ટેમ્બર-૨૦૧૭ દરમ્યાન યોજવામાં આવશે. તેમાં સ્થળ અને સમયની વિગતવાર જાહેરાત ટુંક સમયમાં કરવામાં આવશે.

**લિ. આપના વિનમ્ર : શેઠશ્રી નરશી નાથા મેડીકલ ટ્રસ્ટ - સર્વે ટ્રસ્ટીગણ**

|| શ્રી અનંતનાથાય નમઃ ||

# શેઠશ્રી નરશી નાથા મેડીકલ ટ્રસ્ટ

[Regd. under Bombay Public Trust Act. 1950 Reg. No. E-11572 (BOM) Dated 24-2-1988]

શ્રી અનંતનાથજી મહારાજ જૈન દેરાસરજી, ૩૦૨/૩૦૬, નરશી નાથા સ્ટ્રીટ,
શ્રી અનંતનાથજી ચોક, મુંબઇ - ૪૦૦૦૦૯. ફોન : ૨૩૪૪૮૨૭૪

## અનુમોદના



શેઠશ્રી ભૂપેન્દ્રભાઇ મુરજી દંડ



શેઠશ્રી હંસ ભવાનજી ખીમજી

જ્ઞાતિના ઉચ્ચ શ્રેણીના દાતાશ્રી

### શેઠશ્રી ભૂપેન્દ્રભાઇ મુરજી દંડ (લાખણીયા-નવી મુંબઇ) અને શેઠશ્રી હંસ ભવાનજી ખીમજી (તેરા-માટુંગા)

જેમનો જીવનમંત્ર સદાય જ્ઞાતિ સેવામાં અને દાનમાં અગ્રતાએ રહેવું, તેમની વ્યવસાયિક કાર્યશૈલી, દુંરદેશી આંખોને વળગે તેવી છે. વર્તમાનમાં પ્રાથમિક જરૂરીયાતોમાં અભ્યાસ અને મેડીકલ સારવાર ક્ષેત્રે ઉંડા વિચારક અને દુરંદેશી ધરાવનારા બંન્ને મોભીઓ શેઠશ્રી નરશી નાથા મેડીકલ ટ્રસ્ટને માર્ગદર્શક અને આર્થિક સહાય આપતા રહ્યા છે. ઉદારદિલે તન-મન અને ધનથી અમને સાથ સહકાર પ્રાપ્ત થતાં શેઠશ્રી નરશી નાથા મેડીકલ ટ્રસ્ટ ગર્વની લાગણી અનુભવે છે.

લિ. શેઠશ્રી નરશી નાથા મેડીકલ ટ્રસ્ટ વતી સર્વે ટ્રસ્ટીગણ

C.D.O. Prakash Samiksha R.N.I.No. MAHGUJ/1998/04640 Day of publication every Monday (31-07-17)
Postal Regd. No. MCE/53/2015 - 2017 WPP Licence No. MR/ Tech/WPP-261/East / 2017
Posting : Tuesday/Wednesday Posted at Mumbai Partika Channel Sorting Office, Mumbai - 400 001

# OUR DEAR SON HAS GIVEN US ALL PROUD MOMENTS



Harsh
Rajula Kailesh Momaya
(Varadia - Mulund)

Achieved an Encore
Done masters degree in Electric Eng.
At **Portland State University (USA)**
and joined
SYNOPSYS at Port Land

**Chandanben Somchand Momaya**
**Chhaya Navinchandra Lodaya**
**Jayshree Hiren Goshar**

**Manisha - Kiran**
**Chetna - Sharad**
**Usha - Nilesh**
**Dipti - Dipit**
**Divyang - Dhruv - Krishna**
**Pravina - Sanjay**
**Preeti - Chetan**
**Shradha - Urmi - Mihir**

## શુભ આશીષ



ચિ. આકાશ ને College of Engineering (COEP) Poona માંથી M.Tech (Process Instrumention) માં 9.1 CGPA સાથે ઉતીર્ણ થઈ College માં 2nd આવવા બદલ
**હાર્દિક અભિનંદન.**

**ચિ. આકાશ**
**વિનય શાંતિલાલ દંડ**
સુથરી

: શુભાશીષ :

**સમીરા ગિરીશ લઘુભાઈ લોડાયા**
**બકુલા સિધ્ધાર્થ ઝવેરચંદ મોતા**
**ફોરમ કરણ ભૂપેન્દ્ર મોમાયા**

## SHETH SHRI NARSHI NATHA MEDICAL TRUST

[Reg. No. E-11572 (BOM) Dated 24-2-1988]

**શેઠશ્રી નરશી નાથા મેડીકલ ટ્રસ્ટ દ્વારા લોગો કોમ્પીટીશન વિજેતા કુ. ચાર્વી વિજય છેડા (ભાંડુપ)**





નરશી નાથા મેડીકલ ટ્રસ્ટ દ્વારા ચાઇલ્ડ ઓબેસીટી અવેરનેસ કાર્યક્રમમાં જાહેર કરવામાં આવેલ લોગો સ્પર્ધામાં જ્ઞાતિજનોએ ભાગ લીધેલ જેમાં નિર્ણાયકો દ્વારા કુ. ચાર્વી વિજેતા નિવડેલ. ટ્રસ્ટનું મિશન જ્ઞાતિજનોના શ્રેષ્ઠ સ્વાસ્થ્ય સંભાળ વધુમાં વધુ જ્ઞાતિજનો નિરોગી સ્વસ્થ રહે તે લોગોમાં જણાય છે.

**શેઠશ્રી નરશી નાથા મેડીકલ ટ્રસ્ટ - સર્વે ટ્રસ્ટીગણ**

if undelivered, please return to :
**C.D.O. PRAKASH SAMIKSHA,** C/o. R. R. Nagda, Advocate, 29/41, Tamarind Lane, Rajabahadur Compund, Near Stock Exchange Bldg., Fort, Mumbai - 400 001.
Printed & Published by : **RAICHAND R. NAGDA** on behalf of **C.D.O. PRAKASH SAMIKSHA, SAMITI (Owner)** and Printed at **THE NEW MILLENNIUM PRINTERS,** 314, Mathuradas Mill Compound, N. M. Joshi Marg, Lower Parel, Mumbai - 400013 and Published by him from Premises No. 13A Situate at 29/41, Tamarind Lane, Rajabahadur Compund, Fort, Mumbai - 400 001. **Editor : Raichand R. Nagda**

To,